Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૫૧ • તા. ૨૧ ડીસેમ્બર થી ૨૭ ડીસેમ્બર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## સાંચરા તીર્થે ઐતિહાસિક અને અવિસ્મરણીય ચાર્તુમાસ - સંવત ૨૦૭૧








અચલગચ્છધિપતિ આચાર્ય દેવેશ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના આ પ.પૂ. નરેન્દ્ર અરૂણ-ધૈર્ય-ગુણબાગના
પ.પૂ. સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ચાર્તુમાસ આરાધના



પૂજ્યશ્રીઓના પ્રવેશે
આનંદ છવાયો



મુંબઈ મહાજનના પ્રમુખશ્રી
કલ્પેશ મોતાનું સન્માન



ચાર્તુમાસના દાતાશ્રીનું સન્માન
માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી લોડાયા પરિવાર



કલ્પસૂત્રની રથયાત્રા
લાભાર્થી અ.સૌ. પ્રેમીલાબેન પદમશી કુંવરજી લોડાયા પરિવાર



સાંચરાની બાળ-યુવા પેઢી પણ ધર્મ સંસ્કાર લેવા ઉત્સુક છે
એ દર્શાવતી બાળ શિબીરની ઝલક

# સાંયરા તીર્થે ઐતિહાસિક અને અવિસ્મરણીય ચાર્તુમાસ - સંવત ૨૦૭૧



←
ભક્તામર પુજન લાભાર્થી :
માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી
લોડાયા પરિવાર

→
૧૦૮ પાર્શ્વનાથ પુજન
લાભાર્થી : માતુશ્રી નવલબેન
દામજી મૈશેરી પરિવાર





←
સાસરીયે ગયા પછી પણ
સાંયરા ગામની પ્રવૃત્તિઓમાં
ઉત્સાહભેર ભાગ લેતી
ગામની નિયાણી બહેનો

→
સિધ્ધચક્ર પુજન લાભાર્થી :
માતુશ્રી મણીબેન ખેતશી
મોમાયા પરિવાર









(ડાબેથી જમણે) : શિબીરમાં પરીક્ષા, સંગીતની રમઝટ જમાવતા શ્રી કિશોરભાઈ સાંગા,
ટી.એમ. ગોસરનું સન્માન કરી રહેલ સાંયરા મહાજનની ધાર્મિક કમિટી









તપસ્વી સન્માન : (ડાબેથી જમણે) શ્રેણી તપના તપસ્વી શ્રી નારાયણજીભાઈ નાગડા અને અ.સૌ. નીતાબેન લોડાયા,
ત્રીજી તસવીરમાં તપસ્વી શ્રાવિકાઓ, ચોથી તસવીરમાં તપસ્વી શ્રાવકો









પૂજ્યશ્રીઓના પ્રવેશે આનંદ છવાયો (ડાબેથી જમણે) : પ્રથમ બે તસવીરો બેડાસાથે શુકન કરાવવા ઉત્સુક શ્રાવક-શ્રાવિકાઓ,
ત્રીજી તસવીરમાં સ્વાગત ઉત્સુક આગેવાનો, ચોથી તસવીરમાં ઢોલની રમઝટ




# સાંયરા તીર્થે યોજાયેલ ઐતિહાસિક અને અવિસ્મરણીય ચાર્તુમાસ

સાંયરા સંઘની છેલ્લા ૧૦ વર્ષોથી પૂજ્ય અચલગચ્છના પ.પૂ. ધૈર્યપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. માતૃહૃદયા સાંયરા શ્રમણીરત્ના પ.પૂ. ગુણમાલાશ્રીજી મ.સા.ને ચાર્તુમાસ સાંયરા ગામે આપવાની વિનંતીઓ ચાલુ હતી. તેમની નાદુરસ્ત તબિયત અને સંજોગવશાત કાળ અને જિનપ્રભુ આગળ હાથ હેઠાં પડતાં તેઓ કાળધર્મ પામ્યા.

આ વર્ષે સકળ સાંયરા સંઘ તથા દાતા પરિવારની વિનંતીને માન આપી પ.પૂ.અચલગચ્છાધિપતિ શ્રી ની સંમતિથી, આદિનાથ દાદાની મહેરથી પ.પૂ. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.નું ચાર્તુમાસ સાંયરા ગામ ને મળ્યું.

તા. ૨૬/૦૭/૨૦૧૫ ના રવિવારે શુભ મુહુર્તે સાંયરાગામમાં પૂજ્યશ્રીઓનો મંગલ પ્રવેશ, સાજન-માજનની બહોળી (વિક્રમસર્જક) સંખ્યામાં ૫૫૦ ના જનસમુદાયની હાજરીમાં થયો. ઢોલ, શરણાઈના સૂરો સાથે ઈરફાન મીર તથા સઈદા મીરના સંગીતના સથવારે પ.પૂ. કોમલગિરાશ્રીજી અને પ.પૂ. સિધ્ધગિરાશ્રીજી મ.સા.ની હાજરી સાથે અદભૂત પ્રવેશ થયો.

પ.પૂ. મ.સા.ના માંગલિક સ્તોત્ર અને આર્શીવચન, સૂત્રચરિત્રના વિવિધ ચડાવાની બોલીઓ, ૫૧૮ જણાનું સાધર્મિક ભોજન સાથે આ સોનેરી ચાર્તુમાસની શરૂઆત થઈ, જેનો ચળકાટ સંપૂર્ણ ચાર્તુમાસ દરમ્યાન વધતો રહ્યો.

પ.પૂ. મ.સા. એ આપેલ વિવિધ તપોની જાણકારી અને શરૂઆત અને પૂર્ણાહૂતિ સાથેની રૂપરેખા એ એવી ધાર્મિક સુવાસ ફેલાવી કે એમના વિહાર પર્યંત આ તપોની વિવિધ સાધના અવિરત સતત વહેતી રહી : એમાં શ્રેણીતપ, સિધ્ધિતપ અને અન્ય તપોની સાધના તેમજ વિવિધ પૂજન, ભક્તિભાવનાનો ધાર્મિક જુવાળ સર્જાયો. નવકારના પ્રભાવ વર્ણવતું સૂર સુંદરી ચરિત્ર, ચરિત્ર વાંચન અને ધર્મબિંદુ ગ્રંથની વાંચનયાત્રાની શુભ શરૂઆત આષાઢ વદ ૩ના મંગલદિને થઈ.

પ્રથમ શ્રી ભક્તામર પૂજન તા. ૨/૮/૧૫ રવિવારના માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી રાઘવજી લોડાયા પરિવાર (હસ્તે શ્રીમતી પ્રેમીલાબેન પદમશી લોડાયા) તરફથી રાખવામાં આવેલ. બીજું શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તા. ૩૦/૮/૧૫ના રવિવારે માતુશ્રી નવલબેન દામજી પદમશી મૈશેરી પરિવાર તરફથી રાખવામાં આવેલ. આ બે મહાપૂજનોની સાધના ભક્તિયાત્રા બાદ મહાપર્વ પર્યુષણમાં ચઢતા ભાવે મોટા સમુદાયમાં ધર્મ આરાધના થઈ.

ભાદરવા સુદ ૧૩ના મંગલદિને સાજન-માજન : બહારગામથી/ સ્થાનિક પધારેલ સાંયરાવાસીઓ, આમંત્રિત મહેમાનો, આદેશ્વરદાદાની અસીમ કૃપા અને મ.સા.ના આશિષ સાથે સુમારે ૨૫૦ જણની હાજરીમાં પર્વ નિમિત્તે ધર્મ આરાધનાનો શુભારંભ થયો. કલ્પસૂત્ર (પોથી) પધરાવવાનું ઘૃત ૨૦૦૦૧ મણ, મ.સા.ને પોથી વહોરવવાનું ઘૃત ૬૬.૬૬૬ મણ થયું. મહાપર્વ પર્યુષણનો પ્રારંભ એટલો જોરદાર થયો એની ગુંજ સંપૂર્ણ પર્વ દરમ્યાન રહી. સ્વપનાનું કુલ ઘૃત મણ ૭,૪૯,૦૦૦, પારણાનું ઘૃત ૯૯૯૯ મણ, મ.સા. ને બારસા સૂત્ર વહોરાવવાનું ઘૃત ૧,૧૧,૧૧૧ મણ થયું. સંપૂર્ણ પર્યુષણ પર્વ દરમ્યાન કુલ ઘૃત ૧૧,૬૭,૭૭૧ મણ થયું. પ.પૂ. મ.સા.ના આર્શીવચન, આદિનાથ દાદાની કૃપા, બહોળી હાજરીએ અનેરો ઉત્સાહ સર્જયો. શ્રી ઈરફાન મીર તથા સઈદામીર તથા વાજીંત્ર વાદ્યકોએ એના ભક્તિગીતો, અને સ્તવન સાથે એવો સુમેળ સાધ્યો કે સંપૂર્ણ ગામ અને એનું વાતાવરણ પાવન અને પવિત્ર સાથે ભક્તિ તરબોળ થઈ ગયું. સમગ્ર અબડાસા તાલુકામાં પર્યુષણ પર્વની આરાધના સંપૂર્ણ ૯ દિવસ સંગીતકારો સાથે ફક્ત સાંયરા ગામે થઈ.

પર્યુષણની પૂર્ણાહુતિ બાદ સાંયરાથી પાલીતાણા અને શંખેશ્વર યાત્રા પ્રવાસ ચૈત્ય પરિપાટીનું ૩ દિવસનું આયોજન તા. ૨૦-૯-૨૦૧૫ થી તા. ૨૨-૯-૨૦૧૫ સુધી કરવામાં આવેલ હતું. ચૈત્ય પરિપાટીના સંપૂર્ણ દાતા માતુશ્રી દમયંતિ રતનશી કુંવરજી લોડાયા હતા.

પર્યુષણ બાદ ત્રીજા શ્રી સિધ્ધચક્ર મહાપૂજનનું આયોજન તા. ૪-૧૦-૧૫ને રવિવારે કરવામાં આવ્યું. તેનો લાભ શ્રીમતી કલ્પના મુકેશ પદમશી નાગડા (પરજાઉ) અને શ્રીમતી છાયા ચંદ્રેશ મુલજી ધુલ્લા (સુથરી) એ લીધો હતો. દરમ્યાન મ.સા.ની શુભ નિશ્રામાં જપ-તપની આરાધના તથા ભક્તિભાવના સતત ચાલુ હતી.

બાળ સંસ્કરણ શિબિરનું આયોજન તા. ૯-૧૧-૧૫ થી તા. ૧૩-૧૧-૧૫ સુધી પાંચ દિવસનું કરવામાં આવ્યું હતું તેમાં સાંયરા તરફ પ્રયાણ કરતા પહેલાં બધાને પંચતીર્થોના દર્શન કરાવવામાં આવ્યા હતા. શિબીરમાં વિવિધ ધાર્મિક પ્રવૃતિઓથી બાળકોને જ્ઞાનની લહાણી કરવામાં આવી હતી. શિબિર દરમ્યાન આસો વદ તેરસના શ્રી સરસ્વતી મહાપૂજન રાખવામાં આવેલ.

ધાર્મિક પરીક્ષોઓના ભાગ લીધેલ છાત્રો અને છાત્રાઓએ સારા ગુણાંક મેળવ્યા હતા. ૨૬ છોકરીઓ ૧૯ છોકરાઓએ મેગી, કંદમૂળ ત્યાગ કર્યો હતો. શિબીરમાં કુલ ૯૦ બાળકો હાજર રહ્યા હતા. મુંબઈથી ૫૫ બાળકો તથા બાકીના દેશાવર તથા કચ્છના બીજા ગામોમાંથી પણ આવ્યા હતા. શિબિર દરમ્યાન તા. ૧૨-૧૧-૧૫ ગુરૂવારના શ્રી ગૌતમ સ્વામી મહાપૂજન યોજાયું હતું. તેનો લાભ શ્રી લહેરચંદ હંસરાજ મોતા (રાપરગઢવારી) પરિવારે લીધો હતો.

શિબીરમાં ભાગ લેનાર દરેક બાળકનો આવવા-જવાનો ખર્ચ દાતા પરિવાર તરફથી કરવામાં આવ્યો હતો. શિબિરની

## સાંયરા તીર્થે યોજાયેલ ઐતિહાસિક અને અવિસ્મરણીય ચાર્તુમાસ

પૂર્ણાહુતિ વખતે દરેક બાળકને એક આકર્ષક ભેટ આપવામાં આવી હતી શિબિરથી પરત મુંબઈ આવતા દેવપર ખાતે પ્રવીણભાઈ લોડાયા (આરીખાણા)ની વાડીની મુલાકાતે પણ અંદાજે ૧૦૦ જણ ગયા હતા. એમણે ખૂબ જ સારી આગતા સ્વાગતા કરી હતી.

૧૧૦ દિવસની મહા તપસ્યા શ્રેણી તપની પૂર્ણાહુતિ નિમિત્તે એક દિવસીય ભક્તિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. તા. ૨૦-૧૧-૨૦૧૫ના પ.પૂ તપસ્વીરત્ન શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. અ.સૌ. નીતા સોમચંદ લોડાયા અને શા નારાણજી દેવશી તેરાવાલા એ ૩ તપસ્વીઓના પારણાં નિર્વિઘ્ને થયા. તા. ૨૧-૧૧-૧૫ના પ.પૂ. શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના માતુશ્રી પ્રેમીલાબેન વિશનજી છાડવા/માપર તરફથી પંચકલ્યાણક પૂજા રાખવામાં આવેલ હતી.

તા. ૨૨-૧૧-૧૫ના દિવસે શ્રી ઉત્તમભાઈએ એમના માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયાની યાદમાં શ્રી સિધ્ધચક્ર મહાપૂજનનું આયોજન કરેલ હતું.

સંપૂર્ણ ચાર્તુમાસ દરમ્યાન સાંયરા દેરાસર, ભોજનશાળા, અતિથિગૃહમાં કામ કરનાર દરેક વ્યક્તિનું સાંયરા મહાજન અને સંઘ તરફથી બહુમાન કરવામાં આવ્યું હતું. સાંયરા ક.દ.ઓ. જૈન મહાજન સંઘ તરફથી રૂા. ૧,૧૧,૧૧૧ પાલીતાણા કચ્છી ભવન ખાતે આચાર્યના નિર્દેશન હેઠળ પૂ. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી ની પ્રેરણાથી શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની તપસ્યા નિમિત્તે અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું. જ્ઞાન ખાતાના રૂા. ૫૧૦૦૦નું દાન સંઘ તરફથી ગુણભારતી ટ્રસ્ટમાં આપવામાં આપ્યુ હતું.

સંપૂર્ણ ચાર્તુમાસમાં પૂ.શ્રી ના આર્શીવચન જપ, તપ આરાધના ભક્તિ કરવાની પ્રેરણા તથા પ્રોત્સાહન આપ્યું એવા પ.પૂ. ગુરૂદેવની વસમી વિદાયનો દિવસ આખરે કારતક વદ એકમે તા. ૨૬-૧૧-૧૫ના આવ્યો. આ પ્રસંગે સાધર્મિક ભક્તિનો લાભ દાતા પરિવારે લીધો હતો. ભગ્ન હૃદયે અને અશ્રુભીની આંખે સાંયરા સંઘે પૂજ્યશ્રીને વળાવ્યાં.

દાતા પરિવાર માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી રાઘવજી લોડાયા સમસ્ત પરિવાર જેમણે ખૂબ જ ઉદાર દિલે ધનની ઝોળી છલકાવી આવા ભવ્ય ચાર્તુમાસ સાંયરા ખાતે આયોજન કરાવ્યું એની સાંયરા ક.દ.ઓ. જૈન મહાજન અને દરેક સાંયરાવાસી ખરા દિલથી અનુમોદના કરે છે અને એમનું લાખેણું અભિવાદન કરે છે.

સંપૂર્ણ ચાર્તુમાસ દરમ્યાન તથ પર્યુષણ મહાપર્વ દરમ્યાન ઘૃત મણ, પૂજન અને બીજા કોઈ પણ અનુષ્ઠાન તથા બહુમાન, ભેટ સોગાદ માટે જે દાતાઓએ પોતાનો ફાળો નોંધાવ્યો હોય, એ સર્વ દાતાશ્રીઓનો અને એમના પરિવારનો શ્રી ક.દ.ઓ. જૈન સંઘ અને સમસ્ત સાંયરાવાસીઓ અનુમોદના કરે છે.

સંપૂર્ણ ચાર્તુમાસનું આયોજન કરનાર ધાર્મિક સમિતિની પણ ખૂબ ખૂબ ભૂરી અનુમોદના! એમના વગર આ ભગીરથ ચાર્તુમાસ શક્ય થઈ શકે એમ નહોતુ. સંપૂર્ણ ચાર્તુમાસ દરમ્યાન તથા એના પ્રયોજન સાથ આપનાર દરેક કાર્યકર્તાઓ, ચાર્તુમાસ દરમ્યાન તપસ્યા કરનાર તપસ્વીઓની પણ સાંયરા ક.દ.ઓ. જૈન મહાજન ભૂરી-ભૂરી અનુમોદના કરે છે.

આ સંપૂર્ણ ચાર્તુમાસ દરમ્યાન સાંયરા ક.દ.ઓ. જૈન સંઘ ધાર્મિક સમિતી, કાર્યકરો થી કોઈ પણ ક્ષતિ રહી ગઈ હોય કે જાણતા અજાણતાં મન દુભાવ્યું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

**શ્રી સાંયરા ક.દ.ઓ. જૈન સંઘ**

---


।। શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ ।।

## શ્રી રાપર ગઢ - નાની સિંધોડી જૈન સંઘ આયોજીત ''૭''મું સ્નેહ મિલન

**શ્રી સંઘે તા. ૩૧-૦૧-૨૦૧૬ રવિવારના શુભદિવસે આયોજિત કરેલ છે.**

સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનો સપરિવાર પધારવા સ્નેહભર્યું આમંત્રણ છે.

વિશેષ આકર્ષણ : વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ તથા શ્રી પાર્શ્વનાથ પદ્માવતી પુજન

| | | |
|---|---|---|
| સમય | : | **સવારના ૯.૦૦ વાગ્યાથી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી** |
| સ્થળ | : | **શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ, ભાંડુપ-મુંબઈ** |
| ભાવતા ભોજનીયા | : | **સવારના ૧૧.૦૦ થી ૨.૩૦ વાગ્યા સુધી** |
| સંગીતકાર | : | **પદમ આર્ટસ : શ્રી ચેતના હરીયા અને સાથીઓ** |





લાભાર્થી પરિવાર : **માતુશ્રી વેલબાઈ લધુભાઈ હીરજી લોડાયા પરિવાર**

નોંધ : બહારગામ વસતા ગામ વાસીઓને સમય સર ટીકીટની વ્યવસ્થા કરવા વિનંતી.

જાખ સૌજન્ય : **મે. ધનલક્ષ્મી ટ્રેડીંગ કાં. • શ્રી ગણેશ ડેવેલપર્સ**

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 51/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

તંત્રી સમીપે,

## જ્ઞાતિની મહિલા સંસ્થાઓ સંકલનલક્ષી અભિગમ કેળવે....

પોતાના અસ્તિત્વના પચ્ચીસ વર્ષ પૂર્ણ કરનાર મુંબઈની મહિલા સંસ્થા "પરબ" આગામી જાન્યુઆરીમાં તેની ઉજવણી કરી રહી છે. તે નિમિત્તે તેની મહિલા સભ્યો જ્ઞાતિ સમગ્રની અભિનંદન પાત્ર બનીછે, તેનું પણ એક વિશિષ્ટ રીતે મહત્વ છે.

વર્ષ ૧૯૯૧ની ડિસેમ્બરમાં મુંબઈમાં ત્રીજું જ્ઞાતિ સંમેલન યોજાયું તેના છ એક મહીના પહેલાં સંમેલન બોલાવવા અંગે તેમજ તેના પ્રમુખપદની વરણી અંગે મુંબઈ મહાજનમાં ઉગ્ર રાજકારણ ખેલાયું તે અરસામાં (જુન ૧૯૯૧માં) રાજકારણથી તદન અલિપ્ત અને સ્વતંત્ર રીતે ઈંદિરાબેન વિકમશીના નેતૃત્વમાં દસેક મહિલાઓએ આ સંસ્થાની સ્થાપના કરી હતી.

વર્ષ ૧૯૫૪માં મુંબઈમાં બોર્ડીંગ (શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ) અને પાઠશાળા (શ્રી ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી ક.દ.ઓ. જૈન વિદ્યાલય)ના સુવર્ણ જયંતિ નિમિત્તે યોજાયેલ સંયુક્ત મહોત્સવથી પોતાની સામાજિક કારકીર્દીનો પ્રારંભ કરનાર દેવકાબેન જવેરચંદ પદમશી, માનબાઈ રાયચંદ મોમાયા, ડૉ.ધનલક્ષ્મી વેરશી મૈશેરી જેવી જ્ઞાતિના પુરૂષ આગેવાનો સમકક્ષની મહિલા અગ્રણીઓ લગભગ વર્ષ ૧૯૬૫ સુધી અંતનાથજી ટ્રસ્ટ મુંબઈ મહાજન સહિત અન્ય સંસ્થાઓ દ્વારા જ્ઞાતિ પ્રવૃત્તિઓમાં કાર્યરત રહી. તે પછી ત્રીસેક વર્ષ સુધી જ્ઞાતિના સમાજ જીવનમાં મહિલાઓનું પ્રદાન એકંદરે અલ્પાંશે રહ્યું.

અલબત્ત, આ દરમ્યાન મુંબઈમાં ડૉ. મજુંલા મેઘજી ધરમશીએ શિવસેના જેવા રાજકીય પક્ષમાં મહત્વના સ્થાને તથા અનંતનાથ ટ્રસ્ટમાં ટ્રસ્ટીપદે કાર્યરત રહ્યા અને કોચીનમાં લિલાવંતીબેન ઝવેરીલાલ આણંદજી એ પણ કોચીન ઉપરાંત મુંબઈ સહિત અન્ય સ્થળોએ પોતાની સામાજીક સક્રિયતાનો ઉલ્લેખનીય પરિચય આપતા રહ્યા હતા.

પરબના ૨૫વર્ષના અસ્તિત્વમાં એક આગવી વિશિષ્ટતા એ છે કે આ સંસ્થામાં પ્રમુખ, ઉપપ્રમુખ, માનદમંત્રી જેવા કોઈ હોદાઓ નથી અને સૌ મહિલા સભ્યો સમકક્ષતા જાળવીને સહિયારા વિચાર વિમર્શ દ્વારા નિર્ણયો લે છે અને પરબના નેજા હેઠળ અનેક વિધ પ્રવૃત્તિઓ કરતી આવી છે. જે માટે તેમણે પ્રારંભના અનેક વર્ષો સુધી પોતાની વ્યક્તિત્વ આર્થિક બચતો કરીને સેવાવૃક્ષને સિંચન આપ્યું. આ બે-અઢી દાયકા દરમ્યાન તેમણે જ્ઞાતિની

## જાહેરાતકર્તાઓને વિનંતિ

પ્રકાશ-સમીક્ષામાં જાહેરાત છપાયાના બીલ મળ્યા પછી પણ અને અનેક રીમાઈન્ડરો આપવા છતાંયે ઘણા જાહેરાતકારો ૧૦ થી ૧૨ મહિના સુધી તેની ચૂકવણી કરતા નથી તેવા અનેક અનિચ્છનીય અનુભવોને અનુલક્ષીને હવેથી જે જાહેરતાકર્તાઓની તેમની પોતાની વ્યક્તિગત કે સંસ્થા-મહાજનો કે તેમની મારફત વ્યક્તિગતસમૂહ કે સંસ્થા સમુહના નામે અપાયેલ જાહેરાત પ્રકાશિત થયા પછી બે મહીનામાં તેની ચૂકવણી નહીં કરવામાં આવે તેવા કિસ્સાઓમાં તેમણે કે તે સંસ્થા મહાજનોએ તેમની તે પછીની કોઈ પણ જાહેરાત પ્રકાશિત કરવા પહેલાં અગાઉનાં બાકી બીલની રકમઉપરાંત પ્રસ્તાવિત નવી જાહેરાતની રકમ પણ અગોતરીચૂકવવાની રહેશે તેની નોંધ લેવા વિનંતિ.

મહિલાઓની સામાન્ય પ્રતિભાને પણ પ્રોત્સાહન આપવાની સાથે વિશિષ્ટ નારી પ્રતિભાઓના સન્માન દ્વારા અન્ય મહિલાઓ માટે પ્રેરણાત્મક ઈંજન તેવી જ રીતે તેમણે જ્ઞાતિ મહિલાઓની સ્વાસ્થ્ય વિષયક સમસ્યાઓમાં પણ સહયોગી થવામાં કોઈ કસર રાખી નથી.

અલબત્ત નારી સહજ શણગાર, સજાવટને મહિલા વ્યક્તિત્વ માટે સકારાત્મક ગણીને "પરબ"ની અધિકાંશ મહિલાઓ તેને પ્રાધાન્ય આપતી આવી છે.

જ્ઞાતિની અન્ય મહિલા સંસ્થાઓમાં પરબની કાર્યકાળાવધિની સમીપમાં પુનાની "સખીવૃંદ" સંસ્થા ૨૩ વર્ષોથી પ્રવૃત્ત છે પરંતુ તેની પ્રવૃત્તિ સાતત્યની ભૂમિકા જુદા જ સ્તરે આગવી રીતે વિશિષ્ટ અસ્તિત્વ ધરાવે છે. દર મહીને તેના મહિલા સભ્યોના ઘરે વારાફરતી યોજાતી સભાઓમાં યજમાન પોતાની વિશિષ્ટ આપણી પ્રતિભાનો પરિચય આપે છે અથવા કોઈ વ્યક્તિ વિશેના મહિલા પ્રતિભાને આમંત્રે છે. પરંતુ મહેમાનો માટે ચા-કોફી બિસ્કીટથી વિશેષ નવાજેશ ન કરવા જેવી સાદગીનો આગ્રહ રખાય છે સિવાય કે ઘરે કોઈ અવસર હોય તો તે અપવાદ સિવાય ચુસ્તપણે તે નિયમ અમલમાં રહે છે. આને લીધે સભ્યો સિવાયની જ્ઞાતિની અન્ય મહિલાઓ સાથેની નિકટતામાં કોઈ કમી વર્તાતી નથી. જ્ઞાતિની અન્ય સ્થાનિક મહિલા સંસ્થાઓએ આ વિચારસરણી અને ભૂમિકા અપનાવી છે.

આ ઉપરાંત મુલુંડના સર્વોદય મંડળની મહિલા પાંખ વતનના સુથરી, વરાડીયા ઈત્યાદિ ગામોની મહિલા સંસ્થાઓ, કારંજા, ધુલિયા, ગાંધીધામ, આદિપુર, કલકતા ઈત્યાદિ સ્થાનિક મહિલામંચો પણ સારી રીતે પ્રવૃત્ત છે.

આમ જ્ઞાતિની યુવતીઓ અને વરિષ્ઠ વયની મહિલાઓ પણ પોત પોતાના વિસ્તારોમાં અથવા અન્ય રીતે સીમિત પરીઘમાં પણ પોતે પોતાની કળા-આવડત, પ્રતિભા, ઉર્મિઓ અને ઉર્જાને મુખરિત કરતી રહે છે. આ રીતે તેમની બૌધિક અને સાંસ્કૃતિક ક્ષમતાઓ જ્ઞાતિના સર્વ સામાન્ય સમાજજીવન પર ઉજ્જવળ પ્રભાવ પાડે છે તે વિષે બે મત ન હોઈ શકે.

આમ છતાં અને જ્ઞાતિની આ મહિલા સંસ્થાઓની સભ્યો અન્ય વિસ્તાર કે શહેરની જ્ઞાતિ મહિલાઓ સાથે સગપણ-સંબંધ-મૈત્રી જેવા


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| ૫ા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખીમોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


**પરદેશમાં પ્રકાશ સમીક્ષા**

વિદેશમાં વસતા કેટલાક જ્ઞાતિજનોએ પ્રxસના અંકો પોસ્ટ દ્વારા મંગાવવાનું શરૂ કર્યુ છે. આવા અન્ય ઈચ્છુક જ્ઞાતિજનો પોતે અથવા અત્રે દેશમાં વસતા તેમના સંબંધીઓ મારફતે રૂા.૨૫૦૦/- નું વાર્ષિક લવાજમ ભરી શકે છે. ભવિષ્યમાં વિદેશ માટેના પોસ્ટેજ ચાર્જીસમાં વધારો થશે તો ઉક્ત લવાજમમાં પણ વધારો કરાશે તેની નોંધ લેવા વિનંતિ.

K.D.O STUDENTS ASSOCIATION

ESTD : 1954

**જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા**

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ

62 Shree KDO Students Association

**Office : 17, Bheda Bhuvan, 22, Jethabhai Lane, Ghatkopar (East), Mumbai - 400 077.**

દ્વારા આયોજિત વાર્ષિક ઉત્સવ

**on Sunday, 17th January 2016 from 5.00 pm onwards**

Non-Member Pass ₹ 20/-

Pass available from 05.01.2016

## ક.દ.ઓ. 3 પેઢીઓનો તહેવાર

# Jalsa 3



કાર્યક્રમનું આકર્ષણ
એન્કર : શ્રી પ્રશાંત રાવ
હાસ્ય કલાકાર :
શ્રી પિયુષ મહારાજ



**Academic Prize Distribution | Drama**
**Dance Competition | Instrumental Playing**
**Navrangi Saree | Baby Fancy Dress**
**Fashion Show by KDO's**

**બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ**
ગ્રુપ-૧ (૧૬ વર્ષ સુધી)
ગ્રુપ-૨ (૧૬ વર્ષ થી ઉપર)
**ડ્રોઇંગ કોમ્પીટીશન**
ફક્ત ૧૬ વર્ષ સુધી
તા. 25.12.2015
બપોરે ૨ થી ૫ કલાકે
સ્થળ :
ભાંડુપ - અનંત સિધ્ધી
**અર્પણ ખોના - 9930222189**
**પ્રિયાંક ડાઘા - 9820693055**
ડોંબિવલી (પ.)- સર એકેડમી
**શ્રૃષ્ટી લોડાયા - 9702547066**

**સ્થળ**
શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ ગ્રાઉન્ડ,
ડબ્બા કંપનીની બાજુમાં, નેહરૂ રોડ, કાંજુરમાર્ગ (પૂર્વ).

**ઘર બેઠા નિબંધ સ્પર્ધા**
(૩ પાનામાં, ૩ જ્ઞાતિ હિતસલાહ)
વિષય :
"આદર્શ મારી ક.દ.ઓ. જ્ઞાતિ"
"MY IDEAL K.D.O. GNATI"
ભાષા : ગુજરાતી, અંગ્રેજી, હિંદી
ગ્રુપ-૧ (૧૬ વર્ષ સુધી)
ગ્રુપ-૨ (૧૬ વર્ષ થી ઉપર)
મોકલવાની અંતિમ તા. 05.01.2016
સંપર્ક :
**મીત મૈશેરી - 9967380347**
**બીના મૈશેરી - 7506176319**
ઇમેલ - shreekdovs@gmail.com
kdovspresident@gmail.com

For Jalsa 3 Event Participation Call on **9769502277**
Submit: SSC, HSC, Graduation, Post-Graduation
2014-15 Result before 30.12.2015 to following any members

**Passes available from 05.01.2016**
**CONTACT**

**મસ્જીદ બંદર**
મિત્તલ તિલેશ ધરમશી (સુથરી)
મો. 9773008712
પ્રિયાંક ગજેશ ડાઘા (વરાડીયા)
મો. 9820693055
ચિરાગ પ્રકાશ લોડાયા (સાંયરા)
મો. 9819003318

**વડાલા / સાયન / માટુંગા**
નીરેન નવીનચંદ્ર નાગડા (નલીયા)
વડાલા : મો. 9769917907
અંકિત તિલક લોડાયા (તેરા)
સાયન / માટુંગા : મો. 9930253717

**ઘાટકોપર / વિદ્યાવિહાર / ચેમ્બુર**
શ્રીમતી લીના હિતેન લોડાયા (આરીખાણા)
મો. 9769411010
ફોરમ રમેશ લાલકા (બાંઢીયા)
મો. 9833253036
કરણ મુલરાજ છેડા (નલીયા)
મો. 9833818133

**કાંજુરમાર્ગ / પવઇ**
ઉર્વેશ ભરત છેડા (નલીયા)
મો. 9022023778
જલ્પા પ્રફુલચંદ મોમાયા (જખૌ)
મો. 9702003644

**ભાંડુપ / નાહુર**
અર્પણ ફાલ્ગુન ખોના (નલીયા)
મો. 9930222189
ઉદય મહેન્દ્ર મોમાયા (વારાપધર)
મો. 8080840909
નિરવ મહેન્દ્ર મોતા (રાપર ગઢવારી)
મો. 7666346732
ઉષ્મા અભય ડાઘા (વરાડીયા)
મો. 9769050456
હર્ષિતા ગુલાબ પોલડીયા (ડુમરા)
મો. 9769207563

**મુલુન્ડ (વેસ્ટ)**
એકતા ઉદયન લોડાયા (મોટી સિંધોડી)
મો. 9769502277
ફોરમ ઉદય નાગડા (રાપર ગઢવારી)
મો. 9969528677
ચૈતાલી ભરત ધરમશી (કોઠારા)
મો. 9969781510

**મુલુન્ડ (ઇસ્ટ)**
પલ્લવી ધીરેન ખોના (નલીયા)
મો. 9870229300 / 9323030093

**નાલાસોપારા**
ઉજ્વલ / મોક્ષા પિયુષ લોડાયા (સાંયરા)
મો. 8793472383

**થાણા / કલવા**
નિકીતા નરેશ મૈશેરી (મોટી સિંધોડી)
મો. 9930909383
લબ્ધી નિરેન લોડાયા (નલિયા)
મો. 9757422880
રિધ્ધેશ જીજ્ઞેશ પોલડીયા (ડુમરા)
મો. 8108647645
નિકીતા-કિંજલ ભાવેશ લોડાયા (કલવા)
મોટી ખાવડી મો. 9167672572

**વાશી (નવી મુંબઇ)**
શ્રીમતી ચાંદની પરેશ લાલકા (લાલા)
મો. 9833225053

**ડોંબિવલી (પૂર્વ)**
સૃષ્ટિ કિરીટ લોડાયા (સાંયરા)
મો. 9702547066
જૈનિશ જયેશ ધરમશી (સુથરી)
મો. 9820507317
પ્રતિક હરીશ સાયલા (મંજલ રેલડીયા)
મો. 9867642592
મૈત્રી ખીરેશ દ્રોળ (સાંયરા)
મો. 9323767399
આરૂષી હરીશ શિયાળ (જખૌ)
મો. 7208369792
ધારિકા જીતેન ધરમશી (સુથરી)
મો. 8692977041

**ડોંબિવલી (પશ્ચિમ) / કોપર**
શુભમ મહેન્દ્ર લાપસીયા (દલતુંગી)
મો. 8898451456
રાકેશ અભય મૈશેરી (મોટી સિંધોડી)
મો. 7208000294
રિષી જગદીશ લોડાયા (સેવક ભરૂડીયા)
મો. 9167281086
અભય અશોક લાપસીયા (દલતુંગી)
મો. 9870316896
વિપુલ પુનમચંદ સોની (વાંકુ)
(કોપર) મો. 9004704595
ધર્મીલ નીરેન નાગડા (રાપર ગઢવારી)
મો. 7208292716
જક્ષિતા અનિલ ધરમશી (જખૌ)
મો. 9819835435
ઉર્મીલા રસીક લાપસીયા (દલતુંગી)
મો. 8108800783
ચિરાગ કાંતિલાલ શિયાલ (દલતુંગી)
મો. 9833531346

**કલ્યાણ**
નીલીમા અશોક મુનવર (જખૌ)
મો. 8080847978

**રેસ્ટ - મુંબઇ / અખિલ ભારત**
પ્રતિક દિનેશ લાલકા (પરજાઉ)
મો. 9867014123

પરિબળથી જોડાયેલી તેમજ સુપરિચિત હોવા છતાં એકંદરે સંસ્થાકીય સ્તરે આ સંસ્થાઓ અલગ અલગ અને જાણે વિખુટી પડી હોય તેમ એકબીજાથી દુર રહીને પોતાની પ્રવૃત્તિઓ કરી રહી છે.

વર્ષ ૧૯૯૧ના જ્ઞાતિ સંમલેનમાં પસાર થયેલા એક ઠરાવને અનુલક્ષીને આ વર્ષે સમસ્ત મહાજનની મહાસમિતિએ ઠરાવોના અમલીકરણ માટે લીધેલ નિર્ણયના અનુરૂપમાં જ્ઞાતિની સમસ્ત મહિલાઓને એક છત્ર નીચે સંગઠિત કરતો સમસ્ત જ્ઞાતિ સ્તરીય મહિલા મંચ સ્થાપવાની બાબતે સમસ્ત મહાજને રસ ધરાવતી જ્ઞાતિ મહિલાઓને આગળ આવવા એકાદ મહિનાં પહેલાં જાહેર અનુરોધ કર્યો હતો પરંતુ તેને કોઈ ખાસ પ્રતિસાદ મળ્યો નથી.

આગામી જાન્યુઆરીમાં બેંગ્લોરમાં જ્ઞાતિની ગ્લોબલ આઈ.ટી.સમીટ અને ઈમરજીંગ બીઝનેસ કોન્ફરન્સ નિમિતે જ્ઞાતિની સમસ્ત મહિલાઓને કમ્પ્યુટર અને મોબાઈલ દ્વારા વ્યવહાર સરળ બનાવવા તથા જ્ઞાતિ સ્તરે સંપર્ક જાળવવાના હેતુસર જ્ઞાતિના સર્વ મહિલા સંગઠનોને સક્રિય થવા અનુરોધ કરાયો છે.

છેલ્લા દાયકાઓમાં પરંપરા સાથે બંધાયેલી ભારતીય મહિલાને સ્થાને એક વૈશ્વિક દ્રષ્ટિ અને સામર્થ્ય ધરાવતી નવી આત્મવિશ્વાસથી છલકાતી મહિલા આકાર લઈ રહી છે. તેનો જો કે જ્ઞાતિની મહિલા પ્રવૃત્તિઓમાં બહુ પડઘો પડયો નથી. આ આકાર લઈ રહેલી નવલી નારીના આગમનને વધાવવા આપણી મહિલા સંસ્થઓ સજ્જ બને તે માટે મર્યાદિત દાયરામાં કામ કરવાની સાથે સાથે વખતોવખત અનૌપચારિક રીતે મળીને અને અન્યોન્યના સતત સંપર્ક જાળવીને આપણી મહલાઓ જ્ઞાતિ સ્તરે સંકલિત થાય. તે માટે "પરબ" નો આગામી કાર્યક્રમ નિમિત બનશે ?

રા.


**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી**

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

|| શ્રી ચંદ્રપ્રભુસ્વામિ નમઃ || || શ્રી શાંતિનાથાય નમઃ ||

પ્રથમ પહેડી રવિવાર તા. ૧૮-૭-૨૦૧૦ ના શુભારંભ થતા...આજે પા પા પગલી કરતા
''શ્રી ગજોડવાલા નાગરજા સત્તો દાદા'' ની પહેડી ૭ માં વર્ષમાં પ્રવેશ કરે છે...
શ્રી લાલા-સાંધવ દંડ પરિવાર ભાવિકોમાં આનંદ ખુશી લહેરાઈ રહી છે...

**''શ્રી ગજોડવાલા નાગરજા સતો દાદા''ની સપ્તમ (સાતમી) પહેડી**

**શ્રી લાલા – સાંધવ દંડ પરિવારના સર્વે ભાવિકોને તેમજ સર્વે નિયાણી બહેનોને સહ પરિવાર પહેડી-પ્રસાદનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ.**

**શુભ દિન :** રવિવાર, તા. ૨૪-૧-૨૦૧૬ સવારનાં ૯ થી ૨ ક. • **મંગલ આરતી :** ૧૨.૩૯ કલાકે
**સ્થાન :** જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા સભાગૃહ એ.સી. હોલ, અનંતસિદ્ધિ, ભાંડુપ (વે), મુંબઈ.

**: લાભાર્થી પરિવારો :**

શ્રી શામજી નરશી દંડ — શ્રી મણીલાલ પદમશી દંડ - ઈન્દોર
શ્રી નવીનભાઈ હીરજી દંડ -વેરાવલ — શ્રી નરશી ચાંપશી દંડ (સાંધવ) હ. રીતેશ
શ્રી હિરાચંદ નરશી દંડ — માતુશ્રી માનબાઈ વાલજી પુનશી દંડ, હ. પ્રદિપ ચંદ્રકાંત દંડ

સંગીત : શ્રીમતી ચેતના હરિયા એન્ડ પાર્ટી

**વિશેષ કાર્યક્રમ**

**તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન**
ધોરણ ૧ થી ૧૨ અને ગ્રેજયુએટ અને ઉપરના વિદ્યાર્થીઓનું (રીઝલ્ટ / માર્કસશીટ સાથે)

**તપસ્વીઓનું બહુમાન**
અઠાઈ, અઠાઈ થી ઉપરની તપસ્યા વરસીતપ અથવા અન્ય વિશિષ્ટ તપસ્યા

સંપર્ક : પ્રવિણભાઈ દંડ (લાલા) - ૯૮૨૧૮૪૪૧૪૪ • મહેશભાઈ દંડ (સાંધવ) - ૯૩૨૩૯૦૦૭૩૯
(તા. ૧ જાન્યુઆરી ૨૦૧૬ થી તા. ૧૫ જાન્યુઆરી ૨૦૧૬ સુધીમાં)

**વડીલ વંદના**
૭૦ વર્ષ થી ઉપરના વડીલોનું બહુમાન

**લાભાર્થીઓનું બહુમાન**

|| જય શ્રી સચ્ચાઈ માં || **દર્શનાભિલાષી :** શ્રી શામજી નરશી દંડ (પ્રમુખ) શ્રી સુર્યકાંત હીરજી દંડ (ઉપપ્રમુખ) || જય શ્રી દેશરમા ||

।। શ્રી મોમાઈ માતા નમઃ ।।



# વરાડીયા ના મોમાયા નુખના મોમાઈ માતાની સમુહ પહેડી



વરાડીયા ગામ ના મોમાયા નુખના શ્રી મોમાઈ માતાજી ની સમુહ પહેડી
પ્રસંગેઆપ સર્વે ભાવિકો તેમજ નિયાણી બહેનો ને
સહપરિવાર **ભાવભર્યું આમંત્રણ** છે.



હંસલા તરતા સરોવર શોભે, ડુંગર શોભે મોર,
ભકતો થકી તો પહેડી ગાજે, આવજો જોડા જોડ



**શુભ દિવસ : ૨૬ જન્યુઆરી ૨૦૧૬**
**શુભ સ્થળ : શેઠ શ્રી જ્ઞાતી શીરોમણી નરશીનાથા સભાગૃહ , એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.**

## કાર્યક્રમની રૂપરેખા

સવારના ૭.૩૦ કલાકે નવકારશી
સવારના ૮.૦૦ કલાકે માતાજી ને વાજતે ગાજતે દાતા પરીવાર ના ઘરે થી (જૈનમ હોલ ના ગેટ) થી તેડવાનું
સવારના ૮.૩૦ કલાકે હોલ પર માતાજી પોખવાનું ● સવારના ૮.૪૫ કલાકે માતાજી ની સ્થાપના
સવારના ૯.૦૦ કલાકે માતાજી ને ચુંદડી ચડાવવામાં આવશે

માતાજી ને તેડવાનું, પોખવઆનું, ચુંદડી ચડાવવા નો સંપુર્ણ લાભ શેઠશ્રી રતનશી ચત્રભોજ (વરાડીયા) મોમાયા તેમજ વિસનજી શીવશી મોમાયા (સુથરી) પરીવારે સંયુક્ત માં લાભ લીધેલ છે .

નવકારશી નો લાભ લેનાર દાતા પરીવાર- શ્રી ભલારા કેટરર્સ - હ. દીપેશ ચીમનલાલ મોમાયા (વરાડીયા)

પહેડીમાં રાસ-ગરબા ની રમઝટ સંગીત તેમજ સુરના તાલે હીરલ નંદુ તેમજ સાથી કલાકારો રમઝટ જમાવશે .

પહેડી પ્રસાદ - ૧૨ થી ૨ કલાકે

## વરાડીયા સ્થાને મોમાયા કુળ ની મોમાઈ માતાજી નો ધજા મહોત્સવ તા. ૨૨-૨-૨૦૧૬

આનંદ સાથે જણાવવાનું કે કચ્છ વરાડીયા મધે મોમાયા માતા ના મંદિર ઉપર રાબેતા મુજબ ધજા લહેરાવવામાં આવશે.

**વ્હાલા પરીવાર જનો**
**મુંબઈ થી વરાડીયા જવા તા. ૨૦/૨/૧૬, વરાડીયા થી મુંબઈ આવા તા. ૨૨/૨/૧૬ની ટીકિટ બુકીંગ પોતાના રીતે કરવાની રહેશે. આપના આવવાની જાણ પહેલા થી કરવાની રહેશે. જેથી કાર્યકર્તાઓને વ્યવસ્થા કરવામાં સરળતા પડે.**

### ।। અગત્યની જાહેરાત ।।

## વરાડીયા ગામના મોમાઈ મા ને નમતા મોમાઈ નુખના નવા ભુવા બનાવવાનું આયોજન

**નવા ભુવા બનાવવા માટે એપ્રીલ તા. ૧૫ થી ૧૭ ની તારીખો મળેલ છે. આ પ્રસંગે સહુ ભાવીકો એ માદરે વતન વરાડીયા જવા માટે મુંબઈ થી ૧૩/૪/૨૦૧૬ તથા વરાડીયાથી મુંબઈ ૧૮/૪/૧૬ ના ટીકીટ બુકીંગ પોતાની રીતે કરવાનું રહેશે.**

ખાસ નોંધ : વરાડીયા ગામને મોમાઈ માતાને નમતા દરેક પરીવાર (ચુલ્લાદીઠ) બે જણ ને વરાડીયા માં આ પ્રંસગે હાજર રહેવું જરૂરી છે.
ખાસ નોંધ : ભક્તો એ કાળા કંપડા, ચામડા નો બેલ્ટ, પર્સ વગેરે નો ઉપયોગ કરવો નહી.

**લી. મોમાયા પરીવાર**

**સપંર્ક :**

| | | |
|---|---|---|
| લીના મોમાયા - ૯૩૨૧૬૯૧૦૧૮ | દીપેશ મોમાયા - ૯૮૧૯૧૫૩૧૬૧ | પ્રિયા મોમાયા - ૭૪૯૭૪૪૨૦૨૦ |
| પ્રફુલ્લ મોમાયા - ૯૩૨૦૧૫૧૫૫૦ | લલીત મોમાયા - ૯૮૨૧૦૩૮૭૭૫ | ભુપેશ મોમાયા - ૯૮૨૦૭૮૭૮૦૪ |

।। જય માતાજી ।।

## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું



**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

**શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે** E-mail ID : kdoprakash@gmail.com **પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.**

**પ્રશ્ન- અચલગચ્છમાં સત્તરભેદિ પૂજાને માન્યતા છે તો શું અચલગચ્છમાં અષ્ટપ્રકારી પૂજા નથી ?**

**ઉત્તર** - અચલગચ્છમાં સત્તર ભેદિ પૂજાને માન્યતા છે એની સાથે સાથે સત્તર ભેદિ પૂજાને સંક્ષેપીને અષ્ટપ્રકારી પૂજા પણ જણાવવામાં આવી છે. આ અષ્ટપ્રકારી પૂજામાં નીચે મુજબ આઠ પૂજાઓનો સમાવેશ થાય છે - ૧) જલ પૂજા ૨) ચંદન પૂજા ૩) પુષ્પ પૂજા ૪) વાસચૂર્ણ અથવા વિલેપન પૂજા ૫) ધૂપ પૂજા ૬) અક્ષત પૂજા ૭) અષ્ટમંગલ પૂજા અને ૮) ધ્વજ અથવા દર્પણ પૂજા

**પ્રશ્ન - જળ પૂજાનો વિધિ શું છે ?**

**ઉત્તર** - જંબૂદ્વીપન્નાને આગામમાં મેરૂ પર્વત ઉપર ઈન્દ્રોદ્વાશ ઉજવાયેલા જન્મ મહોત્સવનું સુંદર વર્ણન છે એમાં અભિષેકમાં ક્ષીર સમુદ્રના જલથી પરમાત્માને અભિષેક કર્યો છે એમ જણાવવામાં આવ્યું છે એના પ્રતિક રૂપે આપણે પાણીમાં થોડું દુધ નાંખી એને ક્ષીર સમુદ્રના જળ જેવું બનાવી એનાથી અભિષેક કરીએ છીએ. એમાં વિશેષતા લાવવા પંચામૃત (પાણી+દૂધ+દહિં+ઘી અને સાકર મિશ્રિત જલ) તેમજ સુગંદિ જળાદિથી પણ અભિષેક કરી શકાય છે . ક્ષીરજળથી અભિષેક કર્યા પછી શુધ્ધ જલથી પ્રભુજીની પૂજા એવં શુધ્ધિ અતિ આવશ્યક છે.

પરમાત્માની પૂજા માટે જે જે સામગ્રી ગભારામાં લઈ જવામાં આવે તે તે સામગ્રી ધૂપ ઉપર ઉવેખીને (ફેરવીને) પછી જ લઈ જવી જોઈએ. એમ કરવાથી એમાં રહેલા અશુભ પુદ્ગુલો દૂર થાય છે અને એમાં શુભ પુદ્ગલોનો વાસ થાય છે. પરંતુ એ માટે ધૂપ પણ વ્યવસ્થિત હોવું જોઈએ.

**પ્રશ્ન- જલપૂજામાં પ્રભુજીનો અભિષેક જમણા પગના અંગુઠેથી થાય છે કે મસ્તક ઉપરથી થાય છે ?**

**ઉત્તર** - જલપૂજામાં અભિષેક પ્રભુજીના મસ્તક ઉપરથી જ થાય છે. બન્ને હાથમાં કળશ પકડી ભાવપૂર્વક અખંડ ધારાએ પ્રથમ પ્રભુના મસ્તકે અભિષેક કરીને પછી ધીમે ધીમે નીચે નીચે આવવાનું છે. સ્નાન કરવાથી જેમ શરીરની મલીનતા દૂર થાય છે. તેમ પરમાત્માની જળપૂજા કરવાથી આતમાની મલીનતા (કર્મરૂપી મલીનતા) દૂર થાય છે. આત્મા શુધ્ધ બને છે. આવી ભાવના ભાવતાં જળપૂજા કરવાની છે.

જ્યારે કોઈ વિધાન યા પૂજનાદિના પ્રસંગે સંક્ષિપમાં અભિષેક કરવાનો હોય ત્યારે ફક્ત જમણા પગના અંગુઠે જ કરવામાં આવે છે. સમયાનુસાર વિધાન ક્રિયા કરવાથી આપણે સંપૂર્ણ લાભના ભાગી બનીએ છીએ.

**પ્રશ્ન - જલપૂજાથી પહેલા કોઈ વિધિ કરવાની હોય છે ?**

**ઉત્તર** - સામાન્યથી જિનાલય ખુલ્યા પછી કાજો કાઢિને ભૂમિ શુધ્ધિ કરવાની હોય છે. ગભારામાંથી કાજો કાઢિ....પ્રભુજી ઉપરથી નિર્માલ્ય ઉતારી પ્રભુજીને મોરપીંછીથી પોંજવામાં આવે છે. પોંજણીથી પબાસણ ઉપરથી કાજો કાઢિને કોઈ જીવ જંતુ હોય તો જયણા પૂર્વક અને સુરક્ષિત સ્થાને મુકવામાં આવે છે. પછી જ પૂજા વિધિનો પ્રારંભ થાય છે.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# પરબ
શક્તિ સંજીવની સોસાયટી
સખ્ય ■ સાથ ■ સ્નેહ

## પરબની રજતી સોગાત....
૯૦૩, ઓરા એપાર્ટમેન્ટ, ઘાટલા વીલેજ રોડ, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૭૧.

### આગામી કાર્યક્રમ ... ''ચાંદ તારોંકો છુનેકી આશા''

અતિથિ વિશેષ : શ્રીમતી છાયા મોમાયા (Entrepreneur Lite Coach)

| | | |
|---|---|---|
| તારીખ : શુક્રવાર, તા. ૮ જાન્યુઆરી ૨૦૧૬ | સ્થળ : ફાઈન આર્ટસ સોસાયટી, શીવાસ્વામી હોલ, ચેંબુર, મુંબઈ. | સમય : સાંજે ૪.૩૦ થી ૬ અલ્પાહાર કાર્યક્રમ : સાંજે ૬ વાગ્યાથી |

**અમ પરબઘરના આસો પલ્લવિત આંગણે રજતી અંતરનો ઉલ્લાસ હિલોળે હિંચકે એવો અવસર છે મનમેળની વાતો, જીવનનું દિવ્યપથ પ્રતિપ્રયાણ.**

સ્ત્રી શક્તિની સમર્થક રહી છે. સ્ત્રીના અનેક રૂપો જુજવા છતા બળ તો એકજ સ્ત્રીનું સરસ્વતીરૂપ અને લક્ષ્મીરૂપ જ્યાં એક થાય ત્યાંજ સ્વર્ગવિદ્યા સજીવન રહે.

આ જાજરમાન કાર્યક્રમ માટે આપની હાજરી અને અમારૂ સ્વાગત સમારંભનુ સુખ બનો અને સહુની શોભા વધો તેવી ભાવનાને સાકાર કરીએ. આ આગોતરુ નોતરુ છે.

પ્રોગ્રામનાં ડોનર્સ પાસ માટે નીચેના સભ્યોનો સંપર્ક કરવો

| | | | |
|---|---|---|---|
| કાશ્મીરા લુઠિયા | - 98216 75772 | પુષ્પા ખોના | - 93222 62521 |
| મીના શાહ | - 98205 66306 | લીના કાચાણી | - 98209 26699 |
| પારૂલ મોતા | - 93222 80529 | | |

તા.ક.: પ્રોગ્રામની શરૂઆત ચૂકશો નહીં

## Congratulation
**KEEP CLIMBING THE LADDER OF SUCCESS !**



**C.A. TRUPTI ATUL DAGA**

There are many dreamers but only a few become achievers. You dreamt, you planned, and you worked and took pride in being able to complete a tough and demanding coursework. Your consistent hard work paid off. **Congratulations CA. Trupti Atul Daga** on completion of CA. On behalf of the entire family we wish to tell you that we are extremely proud of you.

With grace of god we are happy to be able to share with you this special moment as get ready to step into the workforce at Deloitte Haskins & Sells, one of the most prestigious firms. You will be thrown with many challenges soon, as you enter another phase of your life; but we believe that you will excel in all. May you keep climbing the laddar of success! May you continue to follow your dream. The sky's the limit. We are here to support you each step of the way.

*Best Wishes*

**Pravin Damji Velji Daga (Varadia) & Family**

New No. 8/65, Taylors Road, Kilpauk, Chennai - 600 010.

Contact : +91 98400 73531 / +91 94449 64352 • E-mail : apdaga11@gmail.com



Shri.
Bhawanji Arjan Khimji

## Event Partner of Global Summit

## SHRI HANS BHAWANJI ARJAN KHIMJI



Shri.
Hans Bhawanji Khimji

## CONGRATULATES

"Shri. K.D.O. Jain Gnati Mahajan Bangalore"

For hosting the Historic Global Event

KDO GLOBAL SUMMIT

**IT & EMERGING BUSINESSES**

**Date:** 8th & 9th January 2016 **Venue:** Taj Vivanta, Yeshwantpur Bangalore

### VISIONARY OF GLOBAL SUMMIT



Tilakchand K Lodaya

### CORE TEAM



Satish Shah
President



Mitesh P Shah
Secretary



Hema Gulab Chheda
Treasurer



Gulab H Chheda
Statistician



# પ્રગતિના પ્રતીક બીપીનભાઈ

**શ્રી બીપીન પાશ્વીર નાગડા વીમા ક્ષેત્રે નવા નવા કીર્તિમાનો સ્થાપવા સાથે પોતાની સમૃધ્ધિમાં નાત અને ખાસ કરીને જરૂરતમંદોને ય સહભાગી બનાવે છે.**

**તમારે માટે તો સ્કાય ઈજ ધ લિમિટનો માપદંડ પણ ઓછો પડે !**

**પરિવાર - સ્નેહી સ્વજન - મિત્રવર્તુળ**

## જ્ઞાતિના અગ્રણી એજન્ટ શ્રી બીપીન પાશ્વીર નાગડા (રંગપુર - મુલુંડ)ની સતત વિસ્તરતી ક્ષિતિજો




ઓપોલો મ્યુનિક હેલ્થ ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ દ્વારા આખાય ભારતના તેમની સાથે વ્યવસાય કરનારા ૧૩ ટોચના ઈન્સ્યુરન્સ એજન્ટોને તા. ૫ થી ૯ ડિસેંબર ૨૦૧૫ સુધી થાઈલેંડની સહેલ કરવી તેમનું બિજનેશ એક્સલેન્સ માટે સન્માન કર્યું હતું.

તેમાં શ્રી બીપીન નાગડા માનભર્યું સ્થાન પામ્યા હતા.

આઈ.સી.આઈ.સી.આઈ લોમ્બાર્ડે તેમની સાથે વ્યવસાય કરનારા વિશેષ માપ દંડોએ ભારતભરમાંથી ચુંટેલા માત્ર ૩૪ વીમા એજેન્ટોની કન્વર્જ - ૨૦૧૫ વિશેષ આયોજનમાં તા. ૨૩ થી ૨૫મી નવેમ્બર ૨૦૧૫ સુધી દિલ્હી પાસેના ગુરગાંવની વેસ્ટ ઈન હોટલ અને રીસોર્ટમાં આગતા સ્વાગતા કરી. બિઝનેસ એક્સલન્સ માટે સન્માન કર્યું હતું.

તેમાં શ્રી બીપીન નાગડા માનભર્યું સ્થાન પામ્યા હતા.



**પ્રશ્ન - પ્રભુજીની જલાપૂજા પછી પ્રભુજીની શુધ્ધિ કેવી રીતે કરાય છે ?**

**ઉત્તર -** જલપૂજા પછી પ્રભુજીને ત્રણ અંગલુછણા કરીને વ્યવસ્થિત સાફ કરવામાં આવે છે. પ્રભુજીના કોઈ પણ અંગે ક્યાંય પાણીનો ભાગ ન રહી જાય એની ખાસ કાળજી રાખવાની આવશ્યકતા હોય છે. પરિકરવાળા પ્રતિમાજી હોય તો વધુ સાવધાનીથી અંગલુછણા કરવા જો પાણીને અંશ રહી જાય અને મુંબઈ જેવા ભેજવાળા ક્ષેત્ર હોય તો લીલ (અનંતકાય) થઈ જવાની સંભાવના હોય છે. તેથી અનંતકાયની વિરાધના ન કરવી પડે તેવી સાવચેતી રાખવી.

અંગલુછણાનું પ્રમાણ પણ ભગવાનના માપ અને સંખ્યા પ્રમાણે હોવું જોઈએ. જરૂરિયાત કરતાં નાના અંગલુછણા રાખવાથી પણ પ્રભુજીની શુધ્ધિ બરાબર થતી નથી. અંગલુછણા પણ ધૂપ ઉપર ઉવેખીનેજ ઉપયોગમાં લેવા. પ્રભુજીની પક્ષાલ પછી બરાબર પાણીથી શુધ્ધિ ન કરવામાં આવે તો પણ સૂક્ષ્મ સંમૂર્ચ્છીમ જીવોની ઉત્પતિ થાય છે તથા દુધનો ભાગ રહી જવાથી ગભારામાં એક પ્રકારની વાસ આવે છે. આવા બધા દોષો ન લાગે એવી રીતે પરમાત્માની જળ પૂજા કરવાનો ઉપયોગ રાખજો.

**પ્રશ્ન - પરમાત્માની જળપૂજા કરવાથી શું લાભ મળે ?**

**ઉત્તર -** પ્રતિક્રમણ પ્રબોધ ટીકામાં જણાવવામાં આવ્યું છે કે મનને વશ કરવા માટે કલ્પનાને સ્થિર કરવા માટે અને અધ્યવસાયોને શુધ્ધ કરવા માટે જ્ઞાની પુરૂષોએ જે જે ઉપાયો બતાવ્યા છે, તેમાં જિન પ્રતિમા એક પ્રબળ સાધન છે. તેને સ્મરણમાં લાવવાથી, તેમના દર્શન કરવાથી તથા તેનું અર્ચન (પૂજા) કરવાથી મૂળ પુરૂષનું સન્માન થાય છે તથા તેનું કથન આપણી નજર સમક્ષ તરવરવા લાગે છે.

વળી, પ્રતિમા શતકમાં કહ્યું છે કે હે ભવ્ય પ્રાણીઓ ! જો તમારે મોક્ષસુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો તમે શ્રી તીર્થંકર ભગવંતની પ્રતિમાની ઉપાસના કરો. આવી પ્રભુ પ્રતિમા મોહરૂપી દાવાનળને શમાવવામાં મેઘની વૃષ્ટિ સમાન છે, સમતારૂપ પ્રવાહમાં ઝીલવા માટે નદી છે.

આવા કારણોથી જિન પ્રતિમાની જળ પૂજા કરવાથી કર્મ નિર્જરા થાય છે. નવા અશુભ કર્મ આવતા અટકે છે અને શુભકર્મ સ્વરૂપ પુણ્યની પ્રાપ્તિ થાય છે. જળપૂજા દરમ્યાન દૃષ્ટિ પ્રભુજી ઉપર સ્થિર કરવાથી અરિહંત ધ્યાનમાં પ્રગતિ થાય છે. ધ્યાનમાં એકાગ્રતા વધે છે. તેથી જળપૂજા લાભદાયી છે.

# KDO GLOBAL SUMMIT

## SOME STATISTICS

**1) CITYWISE PARTICIPANTS :-**

CANADA - 3, MUMBAI - 87, BANGALORE - 52, HUBLI - 33, COIMBATORE - 29, PUNE - 24, GADAG - 14, JALGAON - 14, CHENNAI - 9, RAIPUR - 7, HYDERABAD - 7, BELLARY - 5, SANGLI - 5, AHMEDABAD - 4, NAGPUR - 4, COCHIN - 4, INDORE - 3, ADIPUR - 3, BELGAUM/ CHALISGAON/ GANDHIDHAM/ KARANJA/ NANDED/ RAICHUR - 2 EACH, AHMEDNAGAR/ ANJAR/ BAGALKOT/ CALICUT/ DHONDAICHA/ JALNA/ KOPPAL/ MALKAPUR/PANCHORA/PANJIM/ SALEM/SOLAPUR/SURAT/VADODARA - 1 EACH. TOTAL= 333.

**INVITEE KDO SPEAKERS:**

USA - 1, CANADA - 1, NIGERIA - 1,
MUMBAI - 6, COCHIN - 1,

HYDERABAD - 1, KOLKATTA - 1,
HUBLI - 1, PUNE - 1.

**1) GENDER :-**

MALE PARTCIPANTS - 265
FEMALE PARTICIPANTS - 68

**2) PARTICIPANTS DETAILS :-**

EMERGING BUSINESS - 80
GROWING BUSINESS - 94
STARTUPS - 124
VOLUNTEERS - 23
DATA NOT GIVEN - 12
SPEAKERS - INVITIEES - 17

**3) AGE GROUP OF PARTICIPANTS :-**

| | |
|---|---|
| BELOW 25 = 79 | 45 TO 50 = 6 |
| 25 TO 30 = 53 | 50 TO 55 = 7 |
| 30 TO 35 = 33 | 55 TO 60 = 3 |
| 40 TO 45 = 34 | ABOVE 60 = 14 |
| DATA NOT RECD. - 29 | TOTAL - 333 |

COMPILED BY :
**SHRI GUBAL H. CHEEDA,** BANGALORU

# કેળવણી અને આપણી જ્ઞાતિ - ૫

**રમેશ મુલજી લોડાયા** - ભરૂડિયા, મુલુંડ - 98203 36767

સને ૧૯૦૦ આસપાસ મૃત્યુ પાછળ જમણ કરવાનો રિવાજ સર્વમાન્ય હતો. ત્રણ રીતે રિવાજ પડાતો. (૧) સાધારણ માણસ 'ખર્ચ' કરતા એટલે પોતાના ગામનાં જ્ઞાતિજનો, સગા સંબધીને જમાડતા (૨) થોડી વધારે સારી સ્થિતિવાળા 'ચોખરો' કરતા એટલે ગામ ઉપરાંત ગામ સાથે સબંધ ધરાવતા અન્ય ત્રણ-ચાર ગામના જ્ઞાતિજનોને તથા સગાંઓને જમાડતા (૩) શ્રીમંતો આખી જ્ઞાતિનાં બાવન ગામને જમાડતા જેમને 'મેળો' કહેતા.

શિવજીભાઈ માનતા કે આપણા બાળકોને શારીરિક, માનસિક, નૈતિક અને ધાર્મિક કેળવણી મળે તો જ જ્ઞાતિમાં કન્યાવિક્રય, બાળલગ્ન, વૃધ્ધલગ્ન પ્રેત ભોજન જેવા કુરિવાજો બદલી શકાશે. સમાજમાં સાચી સમજ માટે એક તરફ લેખન-કાવ્ય-પ્રસારનું કાર્ય અને બીજી તરફ શિક્ષણ આપવાનું કાર્ય ઉપાડી લીધું. સમાજના કુરિવાજો ઉપર આકરા પ્રહારો કરી સાચું શું છે તે સમજાવવાનો પ્રયત્ન કર્યો. જ્ઞાતિ મેળાવડા આ કામ માટે ઉત્તમ તક છે તે જાણી જ્ઞાતિ મેળાઓ કે અન્ય પ્રસંગોએ ધારદાર ભાષણો આપી શિક્ષણનું મહત્વ ઠસાવવાનો ભરપુર પ્રયાસ કર્યો. બીજી તરફ શ્રેષ્ઠીઓને મોજમજા, મેળાવડા, ઉજમણાંમાં લાખો રૂપિયા વાપરવાને બદલે કેળવણીનાં ફેલાવા માટે પાઠશાળા, બોર્ડિંગો, સ્કોલરશિપો પાછળ વાપરવા આગળ આવવા સમજાવ્યા. ભાષણમાં સામાન્યજનો ને સમજાવતા કહેતા કે ''આઠ વરસ બાદ ૧૫ વરસ સુધી બાળકને કમાવા લગાડો તો રોજના બે આના લેખો ૭ વરસે રૂા. ૪૦૦ કમાવી આપે તેનાં કરતાં ૧૬ વરસ સુધી અભ્યાસ કરે તો એકજ વરસમાં સઘળું સાટું વરી જાય''. સવંત ૧૯૫૮ થી સં. ૧૯૬૯ સુધીના વરસો એમણે કેળવણી પ્રસાર, પુસ્તક પ્રકાશન, પાઠશાળા, કન્યાશાળા બોર્ડિંગો સ્થાપવામાં ખર્ચ્યા. ૧૦૦ જેટલા 'પુસ્તકો લખ્યા' ૧૨૦ જેટલા ગ્રંથો પ્રકાશિત કર્યો.

સવંત ૧૯૬૧-૬૨-૬૩ ત્રણ વરસ કચ્છનાં ગામડે ગામડે ફર્યા. જ્ઞાતિમેળામાં કેળવણીનો સંદેશ જનતા સુધી પહોંચી ગયો. શ્રીમંત વર્ગમાંથી સર વસનજી નાઈટ અને શેઠશ્રી ખેતસી ખીંયસીનો સારો સાથ મળ્યો. ત્રણ વરસમાં કચ્છમાં ૩૦ જેટલા ગામોમાં પાઠશાળા, કન્યાશાળા સ્થાપવામાં સફળ રહ્યા. સાંયરા, સાંધાણ, તેરા, પ્રજાઉ, વાંકુ, નલીયા, જખૌ, લાલા, જશાપુર, સુજાપુર, કોઠારા, વરાડિયા, વારાપધર વિગેરે ગામે પાઠશાળા/ કન્યાશાળા શરૂ થઈ. આટલી પાઠશાળા/ કન્યાશાળાઓ માટે જૈન ભાવનાને અનુરૂપ પાઠ્યપુસ્તકો તૈયાર કરાવ્યા. જૈન ધર્મ પ્રવેશપોથી ભાગ ૧-૨-૩-૪, જૈન પહેલી અને બીજી ચોપડીઓ છપાવી, અંક ગણિત, વ્યાકરણ અને જૈન ઈતિહાસનાં પુસ્તકો છપાવ્યા અને શિક્ષકોની વ્યવસ્થા કરી,



## વાર્ષિકોત્સવ ૨૦૧૫-૧૬

**શ્રી ક. દ. ઓ. જૈન અભ્યુદય ટ્રસ્ટ સંચાલીત માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય દ્વારા શનિવાર, તા. ૨૩/૦૧/૨૦૧૬ ના રોજ ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર-મુંબઈ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જેમાં કન્યા છાત્રાલયની દીકરીઓ દ્વારા એક સુંદર નૃત્ય નાટિકાસહ મનોરંજક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવશે. કાર્યક્રમની સંપૂર્ણ વિગત આગામી અંકમાં આપવામાં આવશે.**

**સર્વે આમંત્રીત મહેમાનોને આ પ્રસંગે પધારવા વિનંતી છે. આપની ઉપસ્થિતી દિકરીઓને અને અમને પ્રોત્સાહન પૂરૂ પાડશે.**

**સર્વે દાતાશ્રીઓ-જ્ઞાતીજનોના સુંદર સાથ સહકારની આશા સાથે.....**

**લી.**

**શ્રી ક. દ. ઓ. જૈન અભ્યુદય ટ્રસ્ટ વતી**

**માનદ્ મંત્રી**

# રાજશ્રી કર્તવ્ય યોગ સંસ્થાન

Reg.No.E31298(Mumbai)

RAJSHREE KARTAVYA YOGA SANSTHAN

બિમારી થયા પછી ટ્રીટમેંટ માટે સમાજ માંથી ઘણી સહાયતા મળી રહે છે.
પરંતુ અમે બિમારી ને આવતી અટકાવવા માટે કામ કરીએ છીએ.
આમાં વ્યક્તિ, ગ્રુપ, સંસ્થાઓ અને મહિલા મંડળો સૌને જોડાવવા
આવાહ્‌ન કરીએ છીએ.

- કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પીટલમાં એક્ઝીક્યુટીવ બોડી ચેકઅપ જેમાં હાર્ટ, કીડની, લીવર, વિટામીન્સ, સોનોગ્રાફી, ફેફસા, કેન્સર, થાઈરોઈડ, ડાયાબિટીસ વગેરે જે મહત્વની ચેકઅપ છે તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેનો ચાર્જ રૂ.**16005/-** છે તે આપણને રૂ. **6400/-** માં પડશે.
- સાઈકોલોજી પ્રોજેક્ટ : જેમાં સ્ટ્રેસ ડિપ્રેસન, માઈન્ડ ટ્રેનીંગ અને યાદશક્તિ વિશે સ્પેશ્યાલીસ્ટ ડો. દ્વારા લેક્ચર.
- ઓર્થોપેડીક પ્રોજેકટ –સ્પેશ્યાલીસ્ટ ડો. દ્વારા હાડકા અને સાંધાની તકલીફ તથા સંભાળ ઉપર લેક્ચર. શક્ય હોય તો ચેક અપ સાથે.
- કેન્સર પ્રોજેક્ટ – ટાટા હોસ્પીટલ દ્વારા સેમીનાર અને કેન્સર ચેકઅપ.

ઉપરની પ્રવૃતીઓ ૩૦ પછીની ઉંમર વાળા માટે તથા આજના સમયની જરૂરિયાત ને ધ્યાનમાં રાખીને લેવામાં આવી છે. જો આટલું થતું રહે તો ઉંમર ગમે તેટલી વધતી રહે પણ હમેશાં નિરોગી અને યુવાન રહી શકાય છે અને આવનારી બિમારીને અટકાવી શકાય છે.

કોઈપણ સમાજ સંસ્થાઓ કે મહીલા મંડળોએ સેમીનાર યોજાવા હોય તો સંપર્ક કરવા વીનંતી.

➡ <u>ડાયાબિટીસ માટે ખાસ</u> :

- ઈન્સ્યુલીન લેનારા બાળકો તથા મોટાઓ માટે.
- જેમનું ડાયાબિટીસ કંટ્રોલમાં ન રહેતું હોય તેમના માટે.
- જેમને હજી બાળકો નથી પણ પતિ-પત્ની બન્નેં કે બેમાંથી એક ને પણ ડાયાબિટીસ હોય તેમના માટે ખાસ.
- આ પ્રોગ્રામ હાર્ટ, કીડની, આંખ અને પગની સંભાળ સાથેના હોય છે.

નામ નોંધાવવા માટે સંપર્ક : રાજશ્રી કર્તવ્ય યોગ સંસ્થાન : **9699966266, 24104142**

પરીક્ષા લેવાની વ્યવસ્થા કરી.

કચ્છની જાગૃતિ અન્ય સ્થળે વિસ્તરે તેથી દક્ષિણમાં આપણા ભાઈઓના મુખ્ય વસવાટનાં સ્થળોએ ગયા. સને ૧૮૮૫માં હુબલીમાં રેલ્વેલાઈન થઈ અને હુબલી મુખ્ય વ્યાપાર કેન્દ્ર બનતા કુમઠા, સીરસીમાં વસતા આપણા ઘણા જ્ઞાતિજનો હુબલીમાં વસ્યા. આપણાં શ્રેષ્ઠીઓએ પોતાની પેઢીઓ હુબલીમાં ખોલી અને થોડા વરસોમાં જ્ઞાતિજનોની સારી સંખ્યા થઈ ગઈ. શિવજીભાઈનાં મિત્ર માણેકજી પિતાંબર જેઓ હુબલીમાં વસતા હતા એમણે શિવજીભાઈને હુબલી આવવાનું આમંત્રણ આપ્યું. સને ૧૯૦૭માં હુબલી ગયા. ત્યાં વિવિધ વિષયો ઉપર ૭ ભાષણો આપ્યા. પાઠશાળા અને લાયબ્રેરીની સ્થાપના થઈ.

આ સમાચારો ગદગ પહોંચ્યા. ગદગનાં શ્રી લાલજી લધાભાઈએ શિવજીભાઈને ગદગ આવવાનું આમંત્રણ મોકલ્યું. શિવજીભાઈએ ગદગમાં પણ પાંચ ભાષણો આપ્યા અને કેળવણીનું મહત્વ સમજાવ્યું. ગદગ સમાજનો સારો ઉમળકો મળ્યો. ત્યા પણ પાઠશાળા અને લાયબ્રેરીની સ્થાપના થઈ. મુંબઈમાં સવંત ૧૯૬૪ (સને ૧૯૦૮)માં શેઠ રૂપસી ભારમલના નામથી એક શ્રાવિકાશાળાની સ્થાપના કરી. અને એ વરસે મુંબઈમાં મહિલા સમાજ અને પુસ્તકાલયની સ્થાપના કરી. ભાવનગરમાં 'આનંદ પ્રીન્ટીંગ પ્રેસ' નામથી મુદ્રણાલય (પ્રેસ)ની સ્થાપના કરી.

- ક્રમશઃ


।। શ્રી ચંદ્રપ્રભુસ્વામીને નમઃ ।। ।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

**ગોએરસમા-બારોઈ ધ્વજા મહોત્સવ-જાહેર નિમંત્રણ**

**બન્ને ગામવાસીઓ તેમજ નિયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનો જોગ**

પ.પૂ. અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. તેમજ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આર્શીવાદથી શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના પ્રશિષ્યો, પ.પૂ. મુક્તિરત્નસાગરજી મ.સા. તેમજ કંચનસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં બન્ને ગામોમાં દ્વિદિવસીય મહોત્સવ રાખેલ છે.

**કાર્યક્રમ:** બન્ને ગામના જિનાલયોમાં વિક્રમ સંવત ૨૦૭૨ ફાગણ વદ ૧ ને તા. ૨૪/૩/૨૦૧૬ ના રોજ અઢાર અભિષેક તથા ફાગણ વદ ૨ ને તા. ૨૫/૩/૨૦૧૬ ના રોજ બન્ને ગામના જિનાલયોની વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ યોજેલ છે.

આ જાહેરાતને નિમંત્રણ સમજીને પધારવા કૃપા કરશોજી.

આવનાર ભાગ્યશાળીઓ એ અગાઉની જાણ કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

સંપર્ક : **અશોક પોલડીયા – 094222 12250**
**ભુપેન્દ્ર ડાઘા – 098198 83522**
**ઉપેન્દ્ર ગોસર – 093231 99335**
**પ્રવિણ મોમાયા – 094250 89966**


## શ્રી ક.દ.ઓ. મહિલા મંચ અમદાવાદ – મધ્યપ્રદેશ યાત્રા પ્રવાસ

અમદાવાદ શ્રી ક.દ.ઓ. મહિલા મંચ તરફથી ત્રણ દિવસનો મધ્યપ્રદેશનો યાત્રા પ્રવાસ તા. ૧/૧૦/૧૫ની રાતથી તા. ૫/૧૦/૧૫ની સવાર સુધી યોજાયો હતો. જેમાં મોહનખેડા, ભોપાવાર અને અમીઝરા, અષ્ટાપદ, નાગેશ્વર, ઉજ્જૈનમાં માણીભદ્ર દાદા, અવંતી પાર્શ્વનાથ અને અલૌકીક પાર્શ્વનાથ (હાસમપુરા) ઈંદોર પાસે (હ્રીઁ કાર ગીરી), માંડવગડ ભક્તામર (ધાર) આદિ તિર્થોની મુલાકાત લેવામાં આવી. દરેક સ્થળે યથાશક્ત સેવાપુજા અને અન્ય ધર્મ આરાધના કરવામાં આવી હતી. રસ્તામાં હૌજી અને બીજી રમતોથી મનોરંજન કરવામાં આવ્યું હતું.

શ્રી ક.દ.ઓ. મહિલામંચના પ્રમુખ ગુણવંતીબેન દંડ તથા કારોબારી સભ્યો સુશીલા મૈશેરી, નિહારીકા છેડા તથા પ્રીતિ લોડાયા એ આ જત્રા માટે ખૂબજ મહેનત કરી જાતા સફળ બનાવી હતી.

આ જમણ-નાસ્તા તથા અન્ય વ્યવસ્થા માટે શ્રીમતી કસ્તુરીબેન જયેશ નાગડા, શ્રીમતી શશીકલા જીતેન્દ્ર ખોના, શ્રી વસંત રાયચંદ ખોના, શ્રીમતી લક્ષ્મી મહેશ ખત્રી, શ્રીમતી સુશીલા નિરંજન મૈશેરી, શ્રી લક્ષ્મીચંદ ચાંપશી દંડ આદિનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

મહિલામંચ તરફથી ઘર દીઠ બ્લેન્કેટની પ્રભાવના થઈ.


**૫મી ભાવભીની શ્રધ્ધાંજલિ**



**સ્વ. રમેશ નથુભાઈ લાપસીયા** (રંગપૂર – મલાડ)

અરિહંત શરણ : તા. ૩૦-૧૨-૨૦૧૧

તમારા સંગે સ્નેહથી ભીંજાયું અમારૂં મન
અર્ધ વચ્ચે છોડી ગયા તમે અમારો સંગ...
પરમ કૃપાળુ પરમાત્માને નમ્ર અરજ અમારી
તમારા અમર આત્માને મળે સદા વીર શાંતિ...

-: શોકાતુર :-

પત્ની : **દિનાબેન રમેશ લાપસીયા**
પુત્રવધુ : **સ્વપ્નાલિ સંકેત લાપસીયા**
પૌત્ર : **આયાન સંકેત લાપસીયા**

**માતુશ્રી બાંચાબાઈ નથુભાઈ લાપસીયા પરિવાર** (મુંબઈ)
**માતુશ્રી સોનબાઈ કુંવરજી ધરમશી પરિવાર** (પાલીતાણા)

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી અનંતનાથ જિનાલયે પ.પૂ.આચાર્ય શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા.ની પધરામણી

પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા.આદિઠાણા તા ૦૭.૧૨.૧૫ ને સોમવારના સવારે મસ્જિદ બંદર પધારતા પૂજ્ય શ્રીનું સામૈયું વાજતે ગાજતે બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓની ઉપસ્થિતિએ કરવામાં આવેલ.

શ્રી અનંતનાથ જિનાલયે સામૂહિક ચૈત્યવંદન કરી ઉપાશ્રયમાં વંદન વિધિ કર્યા બાદ આચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. દ્વારા માંગલિક તેમજ તત્વપ્રેરક વ્યાખ્યાન આપવામાં આવેલ.

જ્ઞાતિ મહાજન પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતા, માનદમંત્રી શ્રી રમેશ હીરજી લોડાયા અને મસ્જિદ બંદર સંઘના પદાધિકારીઓ તેમજ બહુ સારી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓમાં ઉપસ્થિતિ રહેલ. રાત્રિ રોહાણ ઉપાશ્રયમાં કરેલ.

તા ૦૮.૧૨.૧૫ને મંગળવારે શ્રી અનંતનાથ જિનાલયથી વહેલી સવારે વિહાર કરી શ્રી આદિનાથ જિનાલય, ભાતબજાર દર્શન વિધિ કરી. શ્રી ક.વી.ઓ જૈન સંઘ દ્વારા સાહેબજીનું સકળ સંઘ સાથે સામૈયું કરાયેલ. શ્રાવકોનું સમૂહ સામાયિક રાખવામાં આવેલ. તા ૨૭.૧૨.૧૫ને રવિવારે શ્રી સર્વોદય હોસ્પિટલ ઘાટકોપર વેસ્ટ, પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી ૬૩મી જન્મ જયંતિ તિથિએ સમૂહદેશાવગાસિક સામસાયિક રાખવામાં આવેલ છે.

## વર્ષાવાસ પરિવર્તન (ઠાણાં ઉઠાણં)

શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, મસ્જિદ બંદરે શ્રી અનંતનાથદાદાના દરબારે ચાતુર્માસાથે બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રી મ.સા, પ.પૂ.અનંતયશાશ્રી મ.સા. તથા પ.પૂ.શ્રી અપૂર્વયશાશ્રી મ.સા.ની નિશ્રામાં તેમજ ભાંડુપ શ્રી આદિનાથ ભગવાનના દરબારે પ.પૂ. સાધ્વીશ્રી જિનેન્દ્રગુણાશ્રી મ.સા. પ.પૂ.વંદનાગુણાશ્રી મ.સા.તથા પ.પૂ.શ્રી યથાર્થગુણાશ્રી મ.સા.ની નિશ્રામાં બંને સંઘોમાં આનંદ ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં ચાતુર્માસ થયું. હાઉસ ફૂલ, તપ, જપ, ધ્યાન, ધર્મ આરાધના થયા વંડર ફૂલ અને તા ૨૬.૧૧.૧૫ને ગુરૂવારના વહેલી સવારે વર્ષાવાસ (ઠાણાં ઉઠાણં) પરિવર્તન શુભ સમયે-શુભ મુહુર્તે થયું બ્યુટીફુલ.

શ્રી મસ્જિદ બંદર જૈન સંઘમાં પૂજ્ય ભગવંતોને વર્ષાવાસ (ઠાણાં ઉઠાણં) પરિવર્તનનો લાભ માતુશ્રી કસ્તુરીબેન દેવજી પટેલ, સાંધાણ પરિવાર હાલે અનંત નિવાસ, નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ - ૦૯ એ લીધેલ.

જ્ઞાતિ મહાજન પ્રમુખશ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા, ઉપપ્રમુખ શ્રી હીરાલાલ ડાઘા, ટ્રસ્ટી/મંત્રીશ્રી ચેતનાભાઈ મોમાયા, ધાર્મિક સમિતિના કન્વીનસ શ્રી હિરેનભાઈ લાપસીયા, નરેશભાઈ શામજી ખોના, તથા શ્રી મસ્જિદ બંદર જૈન સંઘના પદાધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓની ઉપસ્થિતિએ આનંદ-ઉલ્લાસમય વાતાવરણમાં સાધ્વીજી ભગવંતોના માંગલિક તથા પ્રાસંગિક ઉદ્‌બોધન વચ્ચે પરિપૂર્ણ થયું. નવકારશીની વ્યવસ્થા માતુશ્રી કસ્તુરીબેન દેવજી પટેલ, સાંધાણ તરફથી રાખવામાં આવેલ.અંદાજે ૨૦૦ મહાનુભવોની ઉપસ્થિતિ હતી.

ભાડુંપ શ્રી આદિનાથ જનાલયે પણ ૨૬/૧૧/૧૫ ને ગુરૂવારના વર્ષાવાસ પરિવર્તન જ્ઞાતિ મહાજન માનદમંત્રી રમેશ હીરજી લોડાયા શ્રી ભાડુંપ સંઘના પદાધિકારીઓ સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતા-ધાર્મિક સમિતિના શ્રી


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

શ્રી તિલકભાઈ લોડાયા ચેન્નઈનું વૈચારિક સંતાન, શ્રી હંસ બી. ખીમજી દ્વારા સિંચાયું તેમજ બેંગલોર મહાજન દ્વારા પોષાયું અને મુંબઈ-ચેન્નઈ-હૈદરાબાદના મહાજનો દ્વારા સમર્થન પામ્યું. એવું કે.ડી.ઓ. ગ્લોબલ સમિટ ધાર્યા કરતા વધુ સફળતાને વરે એવી શુભકામના...
*તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

વિપુલભાઈ લોડાયા, વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા શ્રી સંઘના શ્રાવક-શ્રાવિકાઓ અને વિવિધ સંઘોમાંથી પધારેલા ભાવિકોની હાજરીએ લાભાર્થી પરિવાર માતુશ્રી રતનબેન તિલકચંદ મૈશેરી,સાંધાણના નિવાસસ્થાને મયુરેશ પાર્ક, લેક રોડ, ભાડુંપ ખાતે આનંદિત વાતાવરણમાં સંપન્ન થયું. નવકારશીની વ્યવસ્થા લાભાર્થી પરિવાર તરફથી રાખવામાં આવેલ. અંદાજે ૨૨૫ ભાવિકોની હાજરી રહેલ.

## શ્રી રાપર નાની સિંધોડી જૈન સંઘ

શ્રી રાપર નાની સિંધોડી જૈન સંઘ દ્વારા શ્રી ભલારા દાદાની પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ તા ૨૧.૦૧.૨૦૧૬ પોષ સુદ ૧૨ અને તા ૨૨.૦૧.૨૦૧૬ પોષ સુદ ૧૩નાં નિર્ધારેલ છે. મહોત્સવ દરમ્યાન પૂજા રથયાત્રા, આરતી, કુંભ તથા દિપક સ્થાપના વગેરે લાભ આપણે આપણા શ્રી ભલારા દાદાને નમતા પરીવારોને કોઈ પણ ધન રાશિ લીધા વગર આપવાનું નક્કી કરેલ છે.

## ભાવનગર કચ્છ સમાજ

ભાવનગર કચ્છ સમાજ દ્વારા તા ૨૫.૧૨.૨૦૧૫ થી તા ૨૭.૧૨.૨૦૧૫ સુધી દર વર્ષની માફક આ વર્ષે પણ સમાજનાં ૨૧મા કચ્છી કલા પ્રદર્શનનું ભવ્ય આયોજન સમાજના એન્કરવાલા સંકુલના શ્રી જગશી જેઠાભાઈ છેડા સભાગૃહ કાળીયાબીડ ખાતે કરવામાં આવેલ છે.

## અમરાવતી મહિલા મંચની મિટિંગ

અમરાવતી મહિલામંચની મિટિંગ શ્રીમતી વિમલાબેન શામજી છેડાના અધયક્ષસ્થાને અ.સૌ. યોગીતાબેન મનીષ દંડના ઘરે યોજાઈ. અ.સૌ. યોગીતા દંડે વિશેષરૂપના સ્વસ્તિકનું પ્રતીક બધાને આપેલ. જેમાં પ્રથમ ક્રમાંકે અ.સૌ. તોરલબેન મહેતા બીજી અ.સૌ. કલ્પાબેન જીવાણી રહ્યા.મંડલને નીચે મુજબ ભેટ બધા તરફથી આવેલ ૧) મનીષ દંડ-પરિવારે રૂા. ૧૫૦ અ.સૌ. યોગીતાબેનના લગ્ન તથા ચિ. પરિતાના જન્મ નિમિતે ૨) દમયંતીબેન પરિવારે રૂા. ૧૦૦ પોતાના પૌત્ર પિયંક તથા જીતના જન્મ નિમિતે ૩) બધા તરફથી રૂા.૫૦-૫૦ મંડલને ભેટ આપેલ ૪) ધાનલક્ષ્મીબેન નાગડાના જન્મ નિમિતો અ.સૌ.કલ્પનાબેન મનીષ જીવાણી એ બધાનો આભાર વ્યક્ત કરેલ. સૌ. યોગીતાબેનની લગ્ન ગાંઠ તથા કુ.પરિતા દંડની જન્મની વધાઈ આપી હતી.

અમરાવતી મહિલા મંચની કારોબારી તથા સભ્યો
૧) અધયક્ષ શ્રીમતી વિમલાબેન શામજી છેડા
૨) ઉપાધ્યક્ષ ગં.સ્વ દમયંતીબેન હરીશભાઈ ધરમશી
૩) ખજાનચી ગં.સ્વ ધનલક્ષ્મીબેન નવીનચંદ નાગડા
૪) સેક્રેટરી અ.સૌ.કલ્પનાબેન મનીષકુમાર જીવાણી
સભ્યો : ચેતનાબેન કૈલાશભાઈ મોતા, કવિતાબેન રાજેન્દ્ર લોડાયા, યોગીતાબેન મનીષ દંડ, વિદ્યાબેન વિપુલકુમાર ધરમશી, વૈશાલીબેન પવનકુમાર ધરમશી, પલ્લવીબેન પ્રવિણકુમાર ધુલ્લા, ગં.સ્વ લક્ષ્મીબેન ઉત્તમચંદ દંડ, અ.સૌ. તોરલબેન ભરતકુમાર મહેતા (વિમલાબેન છેડા)ની સુપુત્રી.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ, અંકલેશ્વર

વાત્સલ્ય હૃદય પ.પૂ.ચારૂલતાશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ. તત્વપૂર્ણાશ્રીજી મ.સા. ની ૫૦-૫૧મી વર્ધમાન આયંબિલ તપ, પ.પૂ.અમીવર્ષાશ્રીજી મ.સા.ની ૨૧મી ઓળી, પ.પૂ. જીતયશાશ્રીજી મ.સા. ના ૨૪ તીર્થંકર તપમાં એકાસણા સહિત દિવાળી છઠ્ઠતપ, પ.પૂ.જૈનમ્વર્ષાશ્રીજી મ.સા.ની ૨૦ સ્થાનકની ૧૪મી જપ તપ વિવિધ આરાધનાનૂષ્ઠાન સભર ચાતુર્માસની અનુમોદનાર્થે શ્રી અચલગચ્છ જૈન સંઘ અંકલેશ્વરમાં પ્રથમ વખત તા.૨૦.૧૧.૧૫ના શ્રી અર્હદ મહાપૂજન (ત્રણ દિવસ) પ.પૂ.ગુરૂદેવો વિધિકાર શ્રાધ્ધવર્ય શ્રી કેશવજીભાઈ ગડા તથા સકળ શ્રી સંઘના સંપૂર્ણ સાથ સહકારે ભવ્યાતિભવ્ય રીતે ભણાવવામાં આવ્યું.

પ્રથમ દિવસે પૂજન તથા સાધર્મિક ભક્તિમાં અ.સૌ.ભાનુમતિબેન હરખચંદ ગડા ગામ વિંઝાણ પરિવારે લાભ લીધો. દ્વિતીય દિવસે હવન પ્રગટાવવાનો તથા શ્રીફળ હોમવાનો લાભ શ્રી આણંદજી લખમશી વોરા પરિવાર, તૃતીય દિવસે આખા દિવસનો પૂજન તથા સાધર્મિક ભક્તિનો લાભ સ્વ.તારાબાઈ દેવજી મોતા, ગામ-તેરા, હસ્તે જયાબેન જીતેન્દ્ર મોતા તથા અલ્પા અંકિત મોતા એ લીધેલ. અલૌકિક ગ્રુપે ભગવાનની આંગી તથા બહુ સરસ રંગોલી બનાવેલી.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**



C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

**નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

| | |
|---|---|
| કેતુલ એચ.લોડાયા | એ-૧૧૦૪, સ્ટેલાન બિલ્ડીંગ, મહાવીર યુનિવર્સ, ૧૦૭, એલ.બી.એસ.માર્ગ, ભાડુંપ (પ) ૭૮ |
| સુનિલ કેશવજી સાયલા | બી-૩૦૩, પાટીલ હેરીટેજ, તાંબે નગર, એસ.એન.રોડ, મુલુંડ (પ) ૪૦૦ ૦૮૦ મો.9930014317/9930711599/022-25601599 |
| કિનાત મણિકાંત દંડ | Flat No.8, Plot No.26, Vrindavan Fercos C.H.S Sec -15, Opp. Gujarati samaj -Vasi Navi mUmbai - 400 703 |
| કાશ્મિરા અનિલ નાગડા | ૨૩, મુરૂગન કોલોની, ટી.વી.એસ નગર, કોઈમ્બતુર - ૬૪૧૦૨૫ તામિલનાડુ |

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ અને ક.વી.ઓ.જૈન મહાજન શ્રી ભુજ દ્વારા સમસ્ત જૈન સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો.




શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ અને ક.વી.ઓ. જૈન માહજન દ્વારા સમસ્ત જૈન સમાજનાં સમુહલગ્નોત્સવ ૨૦૧૫ નું આયોજન ભુજ ટીન સીટી ગ્રાઉન્ડ મધ્યે કરવામાં આવેલ. જેમાં જૈન સમાજનાં ૩૬ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા. આયોજન દાતા સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન પરિવાર કોઠારા-મુલુંડ, માતુશ્રી લક્ષ્મીબાઈ જગશી ચાંપશી છેડા પરિવાર કાંડગરા મોટા-ભુજ, શ્રીમતી રશ્મીબેન પ્રતાપ ચાંપશી લોડાયા પરિવાર પરિવાર તેરા-મુલુંડ તથા માતુશ્રી બાયાંબાઈ મુલચંદ જાદવજી ગોસર પરિવાર વિંઢ-મુલુંડ તેમાં રજત સ્તંભ દાતા શ્રીમતી દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા સાંધવ-ઘાટકોપર તથા માતુશ્રી પદમાબેન અશોક કલ્યાણજી ભેદા વારાપધર-મુલુંડ આદિના આર્થિક સહયોગથી પાર પડયું હતું.

પ્રસંગે રાજ્યના મંત્રી શ્રી તારાચંદભાઈ છેડાએ નવદંપતિઓને આર્શીવાદ પાઠવી કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન વિનોદ આચાર્યે કર્યુ હતું. જ્યારે આભાર દર્શન પ્રબોધ મુનવરે કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા જયેશ જૈન, ગોવિંદજી પટેલ, પ્રવિણ લોડાયા, કિરણ દંડ, પ્રબોધ મુનવર, કુસુમકાંત લાલકા, વિપુલ પટેલ, વિરેન્દ્ર લોડાયા, ભદ્રીક મૈશેરી, અરવિંદ લોડાયા, નરેશ શાહ, મુકેશ છેડા, અંકિત ગાલા, હિરેન પાસડ, ભવાનજીભાઈ ઠક્કર, ક.દ.ઓ. જૈન યુવક મંડળ-ભુજ, સોમચંદ નાગડા, હેમંત મોતા, વીરચંદ ખોના, અનિલ ચડ્ડા તથા બંને સંસ્થાઓના સર્વે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

**ભુલ સુધાર**

અંક નં ૫૦માં પાના નં ૨૬, પર પ્રકાશિત થયેલ કાવ્ય આમ શું કામ થાય છે? કવયિત્રી ડૉ. યોગિનિ મૈશેરી


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404

**રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની**
સંપર્ક : 08879677709

# જીવનચક્ર

## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૨.૧૫ | ડોંબિવલી | ફલક-રેશ્મા/મેહુલ અરવિંદ દંડ | સેવક ભરૂડીયા | પુત્રી |
| ૨૫.૦૮.૧૫ | ગાંધીધામ | ભવ્યમ-લતા/ભીખાલાલ શિયાળ | જખૌ | પુત્ર |
| ૨૩.૧૧.૧૫ | ડોંબિવલી | અંકિત-બીના/હિતેશ અરવિંદ દંડ | સેવક ભરૂડીયા | પુત્ર |

## સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૧૨.૧૫ | થાણા | ઉદય પ્રવિણ હંસરાજ ખોના | બારોઈ | ૩૧ |
| | ડોંબિવલી | અમરીતા રમેશ હિરજી લોડાયા | મંજલ રલડીયા | ૨૭ |
| ૧૨.૧૨.૧૫ | મડગાવ | અમુલ દિપક નારાયણજી સોની (જલગાવવાળા) | સાંયલા | ૨૭ |
| | કોપરખૈરાણે | મનાલી જયેશ રાઘવજજી મોતા (ભૂલ સુધાર) | લાખણીયા | ૨૭ |
| ૧૩.૧૨.૧૫ | ડોંબિવલી | બ્રીજેશ જેઠાલાલ નરશી લોડાયા | રાપર | ૨૭ |
| | ડોંબિવલી | દિપ્તી ઠાકરશી હીરજી નાગડા | જખૌ | ૨૪ |
| ૧૫.૧૨.૧૫ | ડોંબિવલી | સુજીત મહેન્દ્ર રાયચંદ મૈશેરી | કુઆપધર | ૩૦ |
| | ડોંબિવલી | જીનલ ભરત મેઘજી ખોના | સાંધવ | ૩૦ |
| ૧૫.૧૨.૧૫ | મલકાપુર/વડોદરા | અક્ષય તિલકચંદ ચિમનલાલ ડાગા | વરાડીયા | ૨૯ |
| | હુબલી | પ્રિયંકા ભરત વિસનજી મોમાયા | વરાડીયા | ૨૫ |

## આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૧૨.૧૫ | નાલાસોપારા | અજય નરશીભાઈ વાઘેલા | શાણવાકીયા | ૨૭ |
| | નાલાસોપારા | હીરલ જવેરચંદ આશારિયા પોલડીયા | બાયઠ | ૨૬ |
| ૧૩.૧૨.૧૫ | ડોંબિવલી | ભુપેશ અરવિંદ રાયચંદ લોડાયા | દલતુંગી | ૩૦ |
| | ડોંબિવલી | યુતિકા પ્રકાશચંદ્ર તખ્તવરમલ સિંઘવી | ફાલના | ૨૮ |
| ૧૩.૧૨.૧૫ | ઔરંગાબાદ | વૈભવ દત્તાપ્રસાદ અંબીલવડે | જાલના | ૨૪ |
| | ઔરંગાબાદ | જેનીકા જયેશ દેવચંદ ધરમશી | રંગપુર | ૨૪ |
| ૦૮.૧૨.૧૫ | વડોદરા | યુવરાજ દિલીપકુમાર જાડેજા | જામનગર | ૩૦ |
| | સુરત | આરતી ચીમનલાલ હીરજી નાગડા | નલીયા | ૨૬ |

## લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૧૨.૧૫ | સીવુડ્સ(નેરૂલ) | વરૂણ અશોક પદમશી નાગડા | રંગપુર | ૩૨ |
| | વડાલા | રાજુલ સુરેશ કુંવરજી ધરમશી | સુથરી | ૩૧ |

## આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩.૧૨.૧૫ | જબલપુર | રાહુલ હરીશ ગાલા | દેવપુર | ૨૯ |
| | શિહોરા | રિધ્ધિ શશીકાંત દંડ | સેવક ભરૂડીયા | ૨૫ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૧૨.૧૫ | ડોંબિવલી | વિજયાબેન માણેકજી ધરમશી | ગોરખડી | ૬૨ |
| ૧૨.૧૨.૧૫ | જાલના | ભાવના રજનીકાંત નાગડા | તેરા | - |
| ૧૩.૧૨.૧૫ | અમદાવાદ | સોનલબેન મુકેશ મૈશેરી | લાલા | ૪૦ |
| ૧૩.૧૨.૧૫ | ઘાટકોપર | ચેતન શિવજી લોડાયા | સાંયરા | ૫૯ |
| ૧૪.૧૨.૧૫ | - | રતનબેન પદમશી સોની | વાકું | ૭૫ |
| ૧૬.૧૨.૧૫ | થાણે | પ્રભાવતી રતનશી પટેલ | સાંધાણ | ૮૫ |
| ૧૭.૧૨.૧૫ | ડોંબિવલી | દીપક મેઘજી પુનસી લોડાયા | સુજાપુર | ૪૫ |
| ૧૮.૧૨.૧૫ | મુલુંડ | લક્ષ્મીબેન કુમોપાલ પાશ્વીર મોમાયા | વરાડીયા | - |

# ।। શ્રધ્ધા સુમન ।।

**ગૌ ભક્ત શ્રી શંભુ મારાજના પરમ ભક્ત**

ૐ શાંતિ

ૐ શાંતિ



જન્મ : તા. ૧૮/૧૧/૧૯૫૩

સ્વ. તા. : તા. ૨૧/૧૧/૨૦૧૫

## સ્વ. શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા (મોમાયાભાઈ)

અમારા પરિવારના વટવૃક્ષ સમાન જીવન જીવવાની ખુમારી અને જીંદાદિલીવાળા ગૌ પ્રેમી–દાનવીર આપના સમાજસેવાના કાર્યો અમને સદાય પ્રેરણા આપતા રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના. ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

### :: શોકમગ્ન પરિવાર ::

ગં.સ્વ. સીમાબેન લબ્ધિકુમાર મોમાયા – પત્ની

સ્વરાજ લબ્ધિકુમાર મોમાયા – પુત્ર    અ.સૌ. હિનાબેન સ્વરાજ – પુત્રવધુ    ચિ. સાક્ષી સ્વરાજ – પૌત્રી

વિદ્યાતા લબ્ધિકુમાર મોમાયા – પુત્રી    ચિ. આશી – દોહિત્રી

| | | | |
|---|---|---|---|
| ભાઈ :<br>સ્વ. હિરાચંદ ભવાનજી મોમાયા<br>સ્વ. લહેરચંદ ભવાનજી મોમાયા<br>શ્રી પ્રેમચંદ ભવાનજી મોમાયા<br>શ્રી રમેશચંદ ભવાનજી મોમાયા<br>શ્રી તિલકચંદ ભવાનજી મોમાયા | ભાભી :<br>સ્વ. વેજબાઈ હિરાચંદ મોમાયા<br>સ્વ. કાન્તાબેન પ્રેમચંદ મોમાયા<br>અ.સૌ. દિના રમેશચંદમોમાયા<br>અ.સૌ. અમિતા તિલકચંદમોમાયા | ભત્રીજા :<br>વિજય (અરૂણ) હિરાચંદ મોમાયા<br>સ્વ. દિલીપ પ્રેમચંદ મોમાયા<br>નયન રમેશચંદ મોમાયા<br>વિરાજ તિલકચંદ મોમાયા<br>કુમાર તિલકચંદ મોમાયા | ભત્રીજી :<br>ગં.સ્વ. અરૂણા અભય દૌલત<br>અ.સૌ. છાયા ભુપેન લોડાયા<br>અ.સૌ. ભાવિકા કાર્તિક |
| પુત્રવધુ :<br>રાજેશ્રી વિજય (અરૂણ) મોમાયા<br>ગં.સ્વ. કવિતા દિલીપ મોમાયા<br>અ.સૌ. દિપાલી નયન મોમાયા<br>અ.સૌ. પાયલ વિરાજ મોમાયા | પૌત્ર :<br>ચિ. ચિરાગ વિજય (અરૂણ) મોમાયા<br>ચિ. સ્મિત દિલીપ મોમાયા<br>ચિ. મોનીલ દિલીપ મોમાયા<br>ચિ. તિર્થ નયન મોમાયા<br>ચિ. રૂષભ કુમાર મોમાયા | પૌત્રી :<br>અ.સૌ. કાજલ પ્રભાત નાગડા<br>અ.સૌ. ચાર્મી દિપ છેડા<br>કુમારી દિયા વિરાજ મોમાયા | શ્રી હર્ષદ નાગરદાસ ગાંધી<br>અ.સૌ. ઉષા હર્ષદ ગાંધી<br>કુમારી કૃપા, તન્વી, નીધી |
| જમાઈ :<br>સ્વ. અભયકુમાર વીરચંદ દૌલત<br>ભુપેનકુમાર લાલજી લોડાયા<br>કિર્તિકુમાર અય્યર | દોહિત્ર :<br>ચિ. હેમાંગ અભય દૌલત<br>ચિ. ગૌરવ ભુપેન લોડાયા | દિહિત્ર પુત્રવધુ :<br>અ.સૌ. પાયલ હેમાંગ દૌલત<br>અ.સૌ. એકતા ચિરાગ મોમાયા | દિહિત્રી :<br>કુમારી અદિતી ભુપેન લોડાયા<br>કુમારી ફલક પ્રભાત નાગડા<br>કુમારી કયારા કાર્તિક |

**લી. માતુશ્રી મીઠીબાઈ ભવાનજી કાનજી મોમાયા પરિવાર (જખૌ)**
**સ્વ. શ્રી કુંવરજી કાનજી મોમાયા સમસ્ત પરિવાર**
**તથા માતુશ્રી દેવકાબાઈ મેઘજી દેવશી નાગડા સમસ્ત પરિવાર (તેરા)**
**શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી – ગાંધીધામ**

અમારા પરિવાર પર આવી પડેલ દુઃખમાં રૂબરૂ, ફોનથી કે સંદેશથી સહભાગી થનાર સર્વે સ્વજનોનો હાર્દિક આભાર માનીએ છીએ. – લબ્ધિકુમાર મોમાયા પરિવાર.– ભલારા દાદા એસ્ટેટ એજન્સી

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# છઠ્ઠી પુણ્યતિથીએ અંતરની અટારીએથી આદરાંજલી અર્પણ

જન્મ
તા. ૧૫.૦૮.૧૯૪૨



અરિહંતશરણ
તા. ૧૯.૧૨.૨૦૦૯

## સ્વ. સૌ. તારાબેન કુંવરજી દંડ

(ગામ: સેવક ભરૂડીયા, મુલુંડ)

કોણ કેટલુ જીવે છે, એ મહત્વ નું નથી,
પણ કેવું જીવે છે એ મહત્વનું છે.
મનના માયાળુ, હૈયાના હેતાળ, અને હૃદયના ઋજુ તમે
સહનશીલતા ધૈર્ય સમતા અને વ્હાલના સદ્‌ગુણોથી
અમને સૌને એક માળામાં પરોવી દીધા
સહુ પર સ્નેહ વરસાવતા આપનો નિસ્વાર્થ કુંટુંબ પ્રેમ
આત્મકલ્યાણ માટેની ધર્મભાવના અમારા જીવનને સદા પ્રેરણા
અને માર્ગદર્શન આપતા રહેશે એવા મંગલાશિષ ચાહતા
આપના પરિવારની આપના ચરણોમાં ભાવભરી વંદના...
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ પદ અર્પે એજ પ્રાર્થના...

હર પળ આપને યાદ કરનારા આપના સ્વજનો

પતિ : શ્રી કુંવરજી ખીમજી દંડ
સાસુ સસરા : સ્વ. દેવાબાઈ ખીમજી લધાભાઈ દંડ (સેવક ભરૂડિયા)
માતા પિતા : સ્વ. ડેકાબાઈ ગોવિંદજી દામજી ખોના (ગોરખડી)
પુત્ર–પુત્રવધુ : અ. સૌ. કલ્પના મનોજ કુંવરજી દંડ
પુત્રી–જમાઈ : અ. સૌ. મિતા હિતેશ હિંમતલાલ લોડાયા
અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,